Saturday
11.02.2023
✳Volume :7 ✳ Issue No.193
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

વિશ્વાસથી વિકાસ યાત્રા

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

✳Managing Editor: Arjun Sondarva ✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

પ્રધાનમંત્રીએ લખનઉમાં ઉત્તરપ્રદેશ વૈશ્વિક રોકાણકાર સંમેલન ૨૦૨૩નું ઉદ્ઘાટન કર્યું

ભારત આજે, મજબૂરીમાં નહીં , પરંતુ ખાતરીપૂર્વક સુધારાઓ કરી રહ્યું છે :પ્રધાનમંત્રી શ્રી

ઉત્તરપ્રદેશ હવે સુશાસન, કાયદો અને વ્યવસ્થાની સુધરેલી સ્થિતિ, શાંતિ અને સ્થિરતા માટે ઓળખાય છે

વૈશ્વિક વેપાર શોનું ઉદ્ઘાટન કર્યું અને ઇન્વેસ્ટ યુપી ૨.૦ લોન્ચ કર્યું

ડબલ એન્જિનની સરકારનો સંકલ્પ અને ઉત્તરપ્રદેશના સામર્થ્યી, આનાથી સારી જોડી બીજી ન હોઇ શકે

ઉદ્યોગજગતના અગ્રણીઓએ પ્રધાનમંત્રીના નેતૃત્વ અને ઉત્તરપ્રદેશમાં વિકાસની તકોની પ્રશંસા કરી

દેશનો દરેક નાગરિક વિકાસના માર્ગે આગળ વધવા માંગે છે અને 'વિકસિત ભારત'નો સાક્ષી બનવા માંગે છે

જ્યારે નવા મૂલ્ય અને પુરવઠા શ્રૃંખલા વિકસાવવાની વાત આવે છે ત્યારે ઉત્તરપ્રદેશ ચેમ્પિયન તરીકે ઉભરી આવ્યું છે

૧૦ થી ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૩ દરમિયાન પૂર્વનિર્ધારિત કાર્યક્રમ મુજબ, ઉત્તરપ્રદેશ વૈશ્વિક રોકાણકાર સંમેલન ૨૦૨૩ એ ઉત્તર પ્રદેશ સરકારનું મુખ્ય રોકાણકાર સંમેલન છે જે વિશ્વભરના નીતિ નિર્માતાઓ, ઉદ્યોગ નેતાઓ, શિક્ષણવિદો, થિંક ટેક અને વિશ્વભરના નેતાઓને સામૂહિક રીતે વ્યવસાયની તકો શોધવા અને ભાગીદારી કરવા માટે મંચ પૂરું પાડે છે.

ઇન્વેસ્ટર UP 2.0 એ ઉત્તરપ્રદેશમાં એક વ્યાપક, રોકાણકાર-કેન્દ્રિત અને સેવા-લક્ષી રોકાણ ઇકોસિસ્ટમ છે જે રોકાણકારોને સંબંધિત, સારી રીતે વ્યાખ્યાયિત, પ્રમાણિત સેવાઓ પહોંચાડવાનો પ્રયાસ કરે છે.

કમલમ્ ન્યૂઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ લખનઉમાં ઉત્તરપ્રદેશ વૈશ્વિક રોકાણકાર સંમેલન ૨૦૨૩નું ઉદ્ઘાટન કર્યું. તેમણે વૈશ્વિક વેપાર શોનું પણ ઉદ્ઘાટન કર્યું હતું અને આકર્ષક દરમિયાન ઈન્વેસ્ટ યુપી ૨.૦ લોન્ચ કર્યું હતું. ઉત્તરપ્રદેશ વૈશ્વિક રોકાણકાર સંમેલન ૨૦૨૩ એ ઉત્તરપ્રદેશ સરકારનું મુખ્ય રોકાણકાર સંમેલન છે જે નીતિ નિર્માતાઓ, ઉદ્યોગજગતના અગ્રણીઓ, શિક્ષણવિદો, થિંક ટેક અને દુનિયાભરના અગ્રણીઓને સામૂહિક રીતે વ્યવસાયની તકો શોધવા માટે અને ભાગીદારી બનાવવા માટે એક મંચ પર આવશે. પ્રધાનમંત્રીએ અહીં યોજાયેલા પ્રદર્શનમાં પ્રદર્શન પણ લટાર મારી હતી. આ પ્રસંગે ઉદ્યોગ જગતના અગ્રણીઓએ વક્તવ્ય આપ્યું હતું. શ્રી કુમાર મંગલમ બિરલાએ જણાવ્યું હતું કે, ભારત નોંધપાત્ર ઉદ્યોગસાહસિક ગતિશીલતા અને ઈનોવેશન બતાવી રહ્યું છે અને તેમણે પ્રધાનમંત્રીને દેશની આર્થિક પુનઃબ્રમિમાં નવી ઉર્જાનો સંચાર કરવાનો શ્રેય આપ્યો હતો. શ્રી મુકેશ અંબાણીએ અહીં કહ્યું હતું કે, આ વર્ષના અંદાજપત્રએ એક વિકસિત રાષ્ટ્ર તરીકે ભારતના ઉદયનો પાયો નાખ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે મૂડીગત ખર્ચ માટે વધુ ફાળવણી કરવામાં આવી છે તેના કારણે વધુ આર્થિક વૃદ્ધિ થશે અને આ પગલું સામાજિક કલ્યાણ તરફ દોરી જશે. તેમણે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીના નેતૃત્વમાં દેશમાં ઘણું પરિવર્તન આવ્યું છે અને પ્રધાનમંત્રીની દૂરદેશી અને માર્ગદર્શન હેઠળ તેમજ અમલીકરણ પર તેમણે તીવ્ર રીતે ધ્યાન કેન્દ્રિત કર્યું હોવાથી હિંમતપૂર્ણ નવું ભારત આકાર લઈ રહ્યું છે. ટાટા સન્સના ચેરમેન શ્રી નટરાજન ચંદ્રશેખરને પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીના દૂરદેશી નેતૃત્વએ એવી પરિસ્થિતિનું નિર્માણ કર્યું છે કે, ભારત સૌથી ઝડપથી વિકાસ પામી રહેલું અર્થતંત્રબની જઈ રહ્યું છે. "પ્રધાનમંત્રીએ જે સક્ષમ કર્યું છે તે માત્ર આર્થિક વૃદ્ધિ જ નથી, પરંતુ તેમણે ૩૬૦-ડિગ્રી એટલે કે સર્વાંગી વિકાસ કર્યો છે." તેમણે વધુમાં જણાવ્યું હતું કે, બજેટમાં કરવામાં આવેલી ફાળવણી માળખાકીય સુવિધાઓ અને વપરાશના નેતૃત્વમાં દેશના વિકાસને સુનિશ્ચિત કરશે અને આપણે ગ્રામીણ વિકાસના પણ સાક્ષી બનીશું. ઝુયુરિચ એરપોર્ટ એશિયાના CEO ડેનિયલ બિચરે જણાવ્યું હતું કે, ભારત જે રીતે આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી કરી રહ્યું છે તે જ રીતે ઝુયુરિચ એરપોર્ટ પણ તેની ૭૫મી વર્ષગાંઠની ઉજવણી કરી રહ્યું છે. તેમણે ભારત સાથે લાંબા સમયથી ચાલી રહેલી ભાગીદારીનો ઉલ્લેખ કર્યો હતો, જ્યાં બે દાયકા પહેલા ઝુયુરિચ એરપોર્ટ બેંગલુરુ એરપોર્ટના વિકાસને સહકાર આપ્યો હતો અને હાલમાં નોઇડા આંતરરાષ્ટ્રીય એરપોર્ટનો વિકાસ કરી રહ્યું છે. તેમણે યમુના એક્સપ્રેસ-વે સાથે નોઇડા આંતરરાષ્ટ્રીય એરપોર્ટની સીધી કનેક્ટિવિટીને રેખાંકિત કરી હતી. ડિક્સોન ટેકનોલોજીના ચેરમેન શ્રી સુનિલ વાછાણીએ જણાવ્યું હતું કે, ભારત માં વેચાતા લગભગ ૬૫% મોબાઈલ ફોનનું ઉત્પાદન માત્ર ઉત્તરપ્રદેશમાં જ થાય છે અને તેમણે ઉત્તરપ્રદેશમાં વિનિર્માણનું હબ બનાવવા માટેનો શ્રેય રાજ્ય સરકારની ગતિશીલ નીતિઓને આપ્યો હતો. તેમણે એ પણ નોંધ્યું હતું કે, આજે ડિક્સોન ટેકનોલોજીસ લગભગ ૧૦૦ બિલિયન ડોલરના મોબાઈલ ફોનની નિકાસ કરવાનું વિચારી રહી છે. ઉદ્યોગજગતના તમામ અગ્રણીઓએ ઉત્તરપ્રદેશમાં ઉભરી રહેલી તકો પ્રત્યે આશાવાદ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિતોને સંબોધન કરતા, પ્રધાનમંત્રીએ એક પ્રધાનમંત્રી તરીકે અને ઉત્તરપ્રદેશના સાંસદ તરીકે રોકાણકાર સમુદાય, ઉદ્યોગજગત ના અગ્રણીઓ અને નીતિ નિર્માતાઓનું સ્વાગત કર્યું હતું. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ઉત્તર પ્રદેશની ભૂમિ તેના સાંસ્કૃતિક વૈભવ, ભવ્ય ઈતિહાસ અને સમૃદ્ધ વારસા માટે જાણીતી છે. રાજ્યની ક્ષમતાઓની નોંધ લેતા, પ્રધાનમંત્રીએ સૌનું ધ્યાન દોરતા કર્યું હતું કે, એક સમય એવો હતો જ્યારે ઉત્તર પ્રદેશ સાથે અવિકસિત રાજ્ય તરીકે BIMAR જેવો અનિચ્છનિય શબ્દ જોડાયેલો હતો કાયદો અને વ્યવસ્થાની નબળી સ્થિતિના કારણે આ રાજ્ય ઓળખાતું હતું. તેમણે અગાઉના સમયમાંરોજેરોજ હજારો કરોડના કૌભાંડો બહાર આવતા હતા તે મુદ્દાનો પણ ઉલ્લેખ કર્યો હતો. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, છેલ્લા ૫-૬ વર્ષમાં ઉત્તર પ્રદેશે નવી ઓળખ ઊભી કરી છે. હવે ઉત્તર પ્રદેશ સુશાસન, કાયદો અને વ્યવસ્થાની સુધરેલી સ્થિતિ, શાંતિ અને સ્થિરતા માટે જાણીતું છે. પ્રધાનમંત્રીએ ઉમેર્યું હતું કે, "સંપત્તિ સર્જકો માટે અહીં નવી તકો ઉભી કરવામાં આવી રહી છે". પ્રધાનમંત્રીએ એ વાત પર પણ ભાર મૂક્યો હતો કે, ઉત્તરપ્રદેશમાં વધુ સારા ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે હાથ ધરવામાં આવેલી પહેલો હવે ફળ આપી રહી છે. તેમણે ઉમેર્યું હતું કે, ટૂંક સમયમાં ઉત્તરપ્રદેશ પ આંતરરાષ્ટ્રીય હવાઈમથકો ધરાવતા એકમાત્ર રાજ્ય તરીકે ઓળખાશે. ફૅટ કૉરિડોર રાજ્યને સીધો મહારાષ્ટ્રના દરિયા કિનારા સાથે જોડશે. પ્રધાનમંત્રીએ ઈઝ ઑફ હુઈંગ બિઝનેસ સુનિશ્ચિત કરવા માટે ઉત્તરપ્રદેશમાં સરકારની વિચારસરણીમાં આવેલા અર્થપૂર્ણ પરિવર્તનની પણ નોંધ લીધી હતી. પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરી હતી કે, "આજે ઉત્તરપ્રદેશ આશા અને પ્રેરણાનું સ્રોત બની ગયું છે". તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, જેમ ભારત વૈશ્વિક મંચ પર એક તેજસ્વી સ્થળ બન્યું છે એવી જ રીતે ઉત્તરપ્રદેશ સમગ્ર રાષ્ટ્ર માટે એક તેજસ્વી સ્થળ બની ગયું છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે વિશ્વનો દરેક વિશ્વસનીય અવાજ ભારતીય અર્થવ્યવસ્થામાં ઉર્ધ્વ દિશામાં થઈ રહેલી પ્રગતી અંગે આશાવાદી છે કારણ કે દેશે મહામારી અને યુદ્ધનો સામનો કરવા માટે માત્ર સ્થિતિસ્થાપકતા નથી બતાવી પરંતુ ઝડપી રિકવરી પણ બતાવી છે. પ્રધાનમંત્રીએ ભારતીય સમાજ અને ભારતના યુવાનોની વિચારસરણી અને આકાંક્ષાઓમાં દેખાઈ રહેલા વિશાળ પરિવર્તનનું પણ અવલોકન કર્યું હતું. તેમણે રેખાંકિત કર્યું હતું કે, દેશનો દરેક નાગરિક વિકાસના માર્ગે આગળ વધવા માંગે છે અને આવનારા સમયમાં 'વિકસિત ભારત'નો સાક્ષી બનવા ઇચ્છે છે. તેમણે ઉમેર્યું હતું કે, ભારતીય સમાજની આકાંક્ષાઓ સરકાર માટે ચાલક બળ બની છે, જે દેશમાં થઈ રહેલા વિકાસના કાર્યોને વેગ આપી રહી છે. ઉત્તર પ્રદેશના કદ અને વસ્તીની નોંધ લેતા પ્રધાનમંત્રીએ રોકાણકારોને જણાવ્યું હતું કે, ભારતની જેમ ઉત્તરપ્રદેશમાં પણ મહત્વાકાંક્ષી સમાજ તમારી પ્રતિક્ષા કરી રહ્યોછે. ડિજિટલ ક્રાંતિના કારણે ઉત્તર પ્રદેશનો સમાજ સર્વસમાવેશી અને જોડાયેલા સમાજ તરીકે વિકાસ પામ્યો હોવાનું પ્રધાનમંત્રીએ કહ્યું હતું. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, "એક બજાર તરીકે, ભારત અવરોધરહિત બની રહ્યું છે. પ્રક્રિયાઓને સરળ બનાવવામાં આવી રહી છે. આજે, ભારત મજબૂરીમાં નહીં, પરંતુ ખાતરીપૂર્વક સુધારાઓ કરી રહ્યું છે". પ્રધાનમંત્રીએ ભારપૂર્વક કહ્યું હતું કે, આજે ભારતે, ખરા અર્થમાં, ઝડપ અને વ્યાપકતાના માર્ગ પર આગળ વધવાનું શરૂ કર્યું છે. ખૂબ જ મોટા વર્ગની મૂળભૂત જરૂરિયાતોને પૂરી કરવામાં આવી રહી હોવાથી તેઓ હવે ભવિષ્યનો વિચાર કરી રહ્યા છે. ભારતમાં વિશ્વાસનું આ સૌથી મોટું કારણ છે.બજેટ એન્જિટિપણી કરતા, પ્રધાનમંત્રીએ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે ફાળવણીમાં કરવામાં આવેલી વૃદ્ધિને રેખાંકિત કરી હતી અને આરોગ્ય, શિક્ષણ તેમજ સામાજિક માળખામાં રોકાણકારો માટે રહેલી તકો વિશે પણ વાત કરી હતી. તેવી જ રીતે, તેમણે જેનો ભારતે સ્વીકાર કર્યો છે તેવા હરિત વિકાસના માર્ગે રહેલી તકોનો લાભ લેવા માટે રોકાણકારને આમંત્રણ આપ્યું હતું. તેમણે માહિતી આપી હતી કે, આ વર્ષના બજેટમાં માત્ર ઉર્જા ટ્રાન્ઝિશન માટે જ ૩૫,૦૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. પ્રધાનમંત્રીએ ઉલ્લેખ કર્યો હતો કે, જ્યારે નવા મૂલ્ય અને પુરવઠા શ્રૃંખલાનો વિકાસ કરવાની વાત આવે છે ત્યારે ઉત્તર પ્રદેશ ચેમ્પિયન તરીકે ઉદિત થયું છે. તેમણે રાજ્યમાં હાજર પરંપરાગત અને આધુનિક MSMEના વાઈબ્રન્ટ નેટવર્કની નોંધ લીધી હતી અને ભદોહી તેમજ વારાણસીના સિલ્કનું ઉદાહરણ આપ્યું હતું, જેણે ઉત્તરપ્રદેશને ભારતનું કાપડક્ષેત્રનું હબ બનાવ્યું છે. તેમણે માહિતી આપી હતી કે, ભારતના ૬૦ ટકા મોબાઈલ ફોન અને મહત્તમ મોબાઈલ ભાગોનું વિનિર્માણ ઉત્તરપ્રદેશમાં જ કરવામાં આવે છે. તેમણે એ બાબતે પણ ધ્યાન દોર્યું હતું કે, દેશના બે સંરક્ષણ કૉરિડોરમાંથી એક ઉત્તરપ્રદેશમાં વિકસાવવામાં આવી રહ્યો છે. પ્રધાનમંત્રીએ ભારતીય સેનાને મેડ ઈન ઈન્ડિયા સંરક્ષણ પ્રણાલી અને પ્લેટફોર્મ પ્રદાન કરવાની સરકાર ની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરી હતી. પ્રધાનમંત્રીએ ઉત્તર પ્રદેશમાં ડેરી, કૃષિ, મત્સ્ય ઉદ્યોગ અને ખાદ્ય પ્રસંસ્કરણને લગતી તકો પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, આ એક એવું ક્ષેત્ર છે જ્યાં ખાનગી ક્ષેત્રની ભાગીદારી હજુ પણ સિમિત છે. તેમણે ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગમાં PLI વિશે રોકાણકારોને માહિતી આપી હતી. પ્રધાનમંત્રીએ ખેડૂતો માટે ઈનપુટથી લઈને કાપણી પછીના વ્યવસ્થાપન સુધી અવરોધરહિત આધુનિક વ્યવસ્થા સુનિશ્ચિત કરવાની સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. તેમણે આગળ કહ્યું હતું કે, નાના રોકાણકારો એગ્રી-ઈન્ફ્રા ભંડોળનો ઉપયોગ કરી શકે છે. પ્રધાનમંત્રીએ પાક વૈવિધ્ય કરણ, ખેડૂતોને વધુ સંસાધનો અને ઈનપુટ ખર્ચમાં ઘટાડો કરવા વિશે વાત કરતી વખતે પ્રાકૃતિક ખેતી પર ધ્યાન કેન્દ્રિત કરવા વિશે વિગતવાર જણાવ્યું હતું. તેમણે માહિતી આપી હતી કે, ઉત્તરપ્રદેશમાં ૫ કિલોમીટર સુધી ગંગાના કિનારે બંને બાજૂ પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી દેવામાં આવી છે. તેમણે આ બજેટમાં પ્રસ્તાવિત ૧૦ હજાર બાયો-ઈનપુટ સંસ્થાન કેન્દ્રનો પણ ઉલ્લેખ કર્યો હતો. ભારતમાં શ્રી અન્ન તરીકે ઓળખાતા બરછટ અનાજ પોષક મૂલ્યની નોંધ લેતા, પ્રધાનમંત્રીએ સરકારના પ્રયાસો પર ભાર મૂક્યો હતો કે, ભારતનું શ્રી અન્ન વૈશ્વિક પોષણ સુરક્ષાની જરૂરિયાતોને પૂરી કરી શકવું જોઈએ. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રોકાણકારો રેડી-ટુ-ઈટ અને રેડી-ટુ-કૂક શ્રી અન્નમાં તકો શોધી શકે છે. પ્રધાનમંત્રીએ રાજ્યમાં શિક્ષણ અને કૌશલ્ય વિકાસ માટે હાથ ધરવામાં આવેલા વિકાસ કાર્યો પર પણ સૌનું ધ્યાન દોર્યું હતું. તેમણે મહાયોગી ગુરુ ગોરખનાથ આયુષ યુનિવર્સિટી, અટલ બિહારી વાજપેયી હેલ્થ યુનિવર્સિટી, રાજા મહેન્દ્ર પ્રતાપસિંઘ યુનિવર્સિટી અને મેજર ધ્યાનચંદ સ્પોર્ટ્સ યુનિવર્સિટીને એવી સંસ્થાઓ તરીકે ગણાવી હતી જે વિવિધ પ્રકારના કૌશલ્યો પૂરા પાડવામાં ઘણું યોગદાન આપશે. તેમણે માહિતી આપી હતી કે, કૌશલ્ય વિકાસ મિશન હેઠળ ૧૬ લાખ કરતાં વધારે યુવાનોને તાલીમ આપવામાં આવી છે. તેમણે એ બાબતની પણ નોંધ લીધી હતી કે, ઉત્તરપ્રદેશ સરકારે PGI લખનઉ અને IIT કાનપુરમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સંબંધિત અભ્યાસક્રમોનો પ્રારંભ કર્યો છે અને દેશની સ્ટાર્ટ-અપ ક્રાંતિમાં રાજ્યની ભૂમિકા વધી રહી છે તેના પર તેમણે પ્રકાશ પાડ્યો હતો. પ્રધાનમંત્રીએ માહિતી આપી હતી કે, ઉત્તરપ્રદેશ સરકાર આગામી વર્ષોમાં ૧૦૦ ઈકબુબેટર્સ અને ત્રણ અત્યાધુનિક કેન્દ્રો સ્થાપવાનું લક્ષ્ય નક્કી કર્યું છે જે પ્રતિભાશાળી અને કૌશલ્યવાન યુવાનોનો વિશાળ સમૂહ તૈયાર કરશે. પ્રધાનમંત્રીએ પોતાના સંબોધનનું સમાપન કરી વખતે ડબલ-એન્જિનની સરકારના સંકલ્પ અને ઉત્તર પ્રદેશ રાજ્યમાં રહેલા સામર્થ્યો વચ્ચેની મજબૂત ભાગીદારી પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે રોકાણકારો અને ઉદ્યોગ જગતના અગ્રણીઓ વધુ સમય બગાડ્યા વગર સમૃદ્ધિનો ભાગ બન વા માટે અનુરોધ કર્યો હતો. પ્રધાનમંત્રીએ સમાપનમાં જણાવ્યું હતું કે, "વિશ્વની સમૃદ્ધિ ભારતની સમૃદ્ધિમાં સમાયેલી છે અને સમૃદ્ધિની આ યાત્રામાં તમારી ભાગીદારી ખૂબ જ મહત્વપૂર્ણ છે". ઉત્તરપ્રદેશના રાજ્યપાલ શ્રીમતી આનંદીબેન પટેલ, ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્ય નાથ, કેન્દ્રીય સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથસિંહ, ઉત્તરપ્રદેશ સરકાર ના મંત્રીઓ, વિદેશી મહાનુભાવો અને ઉદ્યોગ જગતના અગ્રણીઓ સહિત અન્ય મહાનુભાવો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

ભારતની G20 અધ્યક્ષતા હેઠળ પ્રથમ પ્રવાસન કાર્યકારી સમૂહની બેઠકનું ગુજરાતના કચ્છના રણમાં સફળતાપૂર્વક સમાપન થયું

વિચારવા માટે નિર્ધારિત કરવામાં આવેલા તમામ ૫ ચાવીરૂપ પ્રાથમિકતા ક્ષેત્રોનું તમામ સભ્ય રાષ્ટ્રો, આમંત્રિત દેશો અને આંતરરાષ્ટ્રીય સંગઠનો દ્વારા સમર્થન કરવામાં આવ્યું

કમલમ્ ન્યૂઝ,

ભારતની G20ની અધ્યક્ષતા હેઠળ ગુજરાતમાં કચ્છના રણમાં ૧લી પ્રવાસન કાર્યકારી સમૂહની બેઠકનું સફળતાપૂર્વક ૩-૧૦ ફેબ્રુઆરી દરમિયાન આયોજન કરવામાં આવ્યું હતું જેનું સમાપન થયું હતું. આ બેઠકમાં બે ગૌણ કાર્યક્રમો, એક ઉદ્ઘાટન સત્ર, પાંચ ઓળખી કાઢવામાં આવેલી પ્રાથમિકતાઓ પર કાર્યકારી જૂથની બે દિવસની બેઠકો, શ્રેણીબદ્ધ દ્વિપક્ષીય બેઠકો અને પર્યટન મુલાકાતોનો સમાવેશ થાય છે. કાર્યકારી જૂથની બેઠક પહેલા ૭ ફેબ્રુઆરીની સાંજે 'સામુદાયિક સશક્તિકરણ અને ગરીબી નિવારણ માટે ગ્રામીણ પ્રવાસન' વિષય પર એક સાઇડ ઇવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. પેનલ ચર્ચામાં સામેલ પેનલિસ્ટોએ પ્રેઝન્ટેશન રજૂ કર્યા હતા અને ગ્રામીણ પ્રવાસનના ક્ષેત્રમાં શ્રેષ્ઠ પ્રથાઓ, સફળતાની ગાથાઓ, સંભાવનાઓ અને મુદ્દાઓ પર પ્રકાશ પાડતી ચર્ચાઓ કરી હતી. એક અલગ કાર્યક્રમમાં, ધોરડો ગામના વડા (સરપંચ) શ્રી મિયા હુસૈન ગુલ બોએ ગામડાની અર્થવ્યવસ્થા અને આ વિસ્તારમાં રોજગારની તકોના સર્જન પર રણ ઉત્સવ જેવી પ્રવાસન માળખાના વિકાસ અને પ્રવાસન પ્રોત્સાહનની પ્રવૃત્તિઓની સકારાત્મક અસર પર પ્રકાશ પાડ્યો હતો. ઉદ્ઘાટન સત્રને ગુજરાતના મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, પ્રવાસન, સાંસ્કૃતિક અને DONER મંત્રી શ્રી જી. કિશન રેડ્ડી; અને કેન્દ્રીય મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રી શ્રી પરષોત્તમ રૂપાલાએ ઉપસ્થિત રહીને શોભાવ્યું હતું. ઉદ્ઘાટન સત્ર દરમિયાન, ભારતીય મહાનુભાવોએ ભારતીય પ્રવાસન સ્થળો, પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાં, પ્રવાસીઓની સલામતી, પર્યટન ક્ષેત્રમાં ડિજિટલાઇઝેશન અને સ્થાનિક અર્થતંત્ર તેમજ રોજગાર પર પ્રવાસનની થતી અસર વિશે પોતાના મંતવ્યોનું આદાનપ્રદાન કર્યું હતું. કાર્યકારી જૂથની બેઠક દરમિયાન "ટકાઉ, જવાબદાર અને પ્રતિસ્પર્ધક પ્રવાસન ક્ષેત્ર માટે પ્રવાસન ક્ષેત્રને હરિત બનાવવા" ગ્રીન ટૂરિઝમ, "પ્રવાસન ક્ષેત્રમાં સ્પર્ધાત્મકતા, સમાવેશિતા અને ટકાઉપણાને પ્રોત્સાહિત કરવા ડિજિટલાઇઝેશનની ક્ષમતા કેળવવા" ડિજિટલાઇઝેશન, "પ્રવાસન ક્ષેત્રમાં નોકરીઓ અને ઉદ્યમિતા માટે કુશળતાઓથી યુવાનોના સશક્તિકરણ" માટે કૌશલ્ય, "પ્રવાસન ક્ષેત્રમાં નવીનતા અને વિવિધતાને ઉત્તેજન આપવા પ્રવાસન MSME/ સ્ટાર્ટઅપ/ ખાનગી ક્ષેત્રને પ્રેરણા" આપવા ટૂરિઝમ MSMEs અને "SDGsના લક્ષ્યોને પરિપૂર્ણ કરવા માટે સર્વસાહી અભિગમો પ્રત્યે સ્થાનોના વ્યૂહાત્મક સંચાલન માટે પુનઃવિચાર" માટે ડેસ્ટિનેશન મેનેજમેન્ટ સહિત પાંચ પ્રાથમિકતા વિષય વસ્તુઓ અંગે ચર્ચાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. ચર્ચા માટે નિર્ધારિત તમામ ૫ મુખ્ય અગ્રતાના ક્ષેત્રોને તમામ G20 સભ્યો, અતિથિ દેશો અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા સમર્થન આપવામાં આવ્યું હતું. કાર્યકારી જૂથની બેઠકના અંતિમ દિવસે, 'પુરાતત્વીય પ્રવાસનને ઉત્તેજનઃ અવિભાજિત સાંસ્કૃતિક વારસાની શોધ' થીમ પર ગૌણ ઇવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. પેનલ ચર્ચામાં વક્તાઓએ પુરાતત્વીય સ્થળોના સંરક્ષણ અને આવી જગ્યાઓ પરના પડકારો અંગે પોતાના મંતવ્યોનું આદાનપ્રદાન કર્યું હતું. તેમણે સ્થાનિક સમુદાયોના સશક્તિકરણ અને ટકાઉ આજીવિકા માટે પુરાતત્વીય પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટેના ફાયદાઓ પર પણ પ્રકાશ પાડ્યો હતો. પ્રવાસન સચિવ શ્રી અરવિંદ સિંહે તેમની સમાપન ટિપ્પણીમાં જણાવ્યું હતું કે, પુરાતત્વીય પ્રવાસન સ્થાનિક સમુદાયોનો સામાજિક આર્થિક વિકાસ ટકાઉક્ષમ રીતે કરી શકે છે. ધોરડો ટેન્ટ સિટીમાં પ્રતિનિધિઓને તેમના રોકાણ દરમિયાન, સફેદ રણ ખાતે સૂર્યોદય સમયે યોગ સત્રમાં હાજરી આપવાની તક મળી હતી. પ્રતિનિધિઓએ યુનેસ્કોની વિશ્વ ધરોહર સાઇટ ધોળાવીરાની હડપ્પન સાઇટની પણ મુલાકાત લીધી હતી, જ્યાં પ્રતિનિધિઓને ધોળાવીરા ખાતે અસરકારક અને કાર્યક્ષમ જળ વ્યવસ્થાપન વિશે માહિતી આપવામાં આવી હતી. પ્રતિનિધિઓ સ્થાનિક કચ્છી કળા અને પરંપરાઓથી પણ પરિચિત થયા હતા. સાંસ્કૃતિક સંધ્યા દરમિયાન તેઓ પણ ઉત્સાહપૂર્વક લોક કલાકારો સાથે નૃત્ય કાયમી રીતે જોડાયા હતા. પ્રતિનિધિઓએ અહીંથી પ્રસ્થાન કરતા પહેલા ભુજમાં અત્યાધુનિક સ્મૃતિવન ભૂકંપમેમોરિયલ મ્યુઝિયમની પણ મુલાકાત લીધી હતી. આગળ જતાં, પ્રવાસન કાર્યકારી જૂથને વધુ ત્રણ બેઠકો માટે કરીથી બોલાવશે, જેમાં ગોવામાં યોજાનાર મંત્રી સ્તરનો સમાવેશ થાય છે. દીર્ઘકાલિન વિકાસના લક્ષ્ય પ્રાપ્ત કરવા માટેના વાહન તરીકે મંત્રી સ્તરની વાતચીત અને પ્રવાસન માટે ગોવા રોડમેપ આયોજિત ટ્રાવિલરેબલ છે. ૨૦ પ્રવાસન ટેકની ચાર ૨૦ બેઠકો ઉપરાંત, ભારતની G20ની અધ્યક્ષતાના સમયગાળા દરમિયાન પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે ત્રણ મેગા ઇવેન્ટ્સનું પણ આયોજન કરવામાં આવ્યું છે. પ્રવાસન મંત્રાલય દ્વારા નવી દિલ્હી ખાતે એપ્રિલ/ મેમાં પ્રથમ વૈશ્વિક પ્રવાસન રોકાણકાર સંમેલન (G TIS)નું આયોજન કરવામાં આવશે; મે મહિનામાં MICE વૈશ્વિક પરિષદ; અને જૂન મહિનામાં ૨૦ ટુરિઝમ CEO ફોરમનું પણ આયોજન કરવામાં આવશે.

તંત્રી સ્થાનેથી.....

ભારતીય હજયાત્રીઓ માટે સરળ, સલામત અને આરામદાયક હજ યાત્રા સુનિશ્ચિત કરવા માટે, ભારત સરકાર ભારત અને સાઉદી અરેબિયા બંનેમાં ભારતીય હજ યાત્રીઓની સુરક્ષા, મુસાફરી, રોકાણ અને સુખાકારી માટે વ્યાપક વ્યવસ્થાઓ કરે છે, જેમાં વિવિધ હિસ્સેદારો સાથે ગાઢ સંકલન છે. નાગરિક ઉડ્ડયન મંત્રાલય, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશોની હજ સમિતિઓ, ભારતની હજ સમિતિ, વિદેશ મંત્રાલય, જેદ્દાહમાં ભારતના કોન્સ્યુલેટ જનરલ. આ વર્ષે, હજ ૨૦૨૩ માટેની તૈયારી મંત્રાલય દ્વારા અગાઉથી જ શરૂ કરવામાં આવી હતી, ઉપરોક્ત હિતધારકો સાથે હજ મેનેજમેન્ટ પર વિવિધ ઇન્ટરેક્ટિવ સત્રો બોલાવીને તે સુનિશ્ચિત કરવામાં આવ્યું છે કે યાત્રાળુઓની પસંદગી માટે યોગ્ય ઓનલાઈન પ્રક્રિયા સહિત તમામ જરૂરી સુવિધાઓ સમયરેખામાં ઉપલબ્ધ છે. હિતધારકો માટે હજ ૨૦૨૩ માટેની વિગતવાર માર્ગદર્શિકા પણ ફાઈનલ કરવામાં આવી છે અને ૦૬.૦૨.૨૦૨૩ના રોજ જારી કરવામાં આવી છે અને તેને **https://www.minorityaffairs.gov.in/sites/default/files/HAJ-policy.pdf** પર એક્સેસ કરી શકાય છે. હજ કમિટી ઓફ ઈન્ડિયા દ્વારા હજ ૨૦૨૩ માટે અરજી ફોર્મ મફતમાં આપવામાં આવ્યું છે, VIP/મહાનુભાવો માટે વિવેકાધીન ક્વોટા નાબૂદ કરવામાં આવ્યો છે અને મહિલા યાત્રાળુઓ, શિશુઓ, દિવ્યાંગજનો અને વૃદ્ધો માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવશે. આ માહિતી કેન્દ્રીય લઘુમતી બાબતોના મંત્રી શ્રીમતી સ્મૃતિ ઝુબિન ઈરાની દ્વારા આજે લોકસભામાં એક લેખિત જવાબમાં આપવામાં આવી હતી.

જિલ્લાના વિકાસકામોનું જીઓ ટેગિંગ સમયસર અને ફરજિયાતપણે થાય તે સુનિશ્ચિત કરવાની હિમાયત કરતાં પ્રભારી મંત્રી શ્રી કુવરજીભાઈ હળપતિ

વિકાસ કામોની બચત રકમ બાબતે અમલીકરણ અધિકારીઓની જવાબદેહી નક્કી કરવા સાથે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાની તાકીદ કરતાં મંત્રીશ્રી

કમલમ્ ન્યૂઝ,આહવા

રાજ્ય ના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સરકારના સો દિવસના લક્ષ નિર્ધારણના અભિગમ મુજબ, વિકાસના તમામ કામોનું જીઓ ટેગિંગ સમયસર અને ફરજિયાતપણે થાય તે સુનિશ્ચિત કરવાની હિમાયત, ડાંગ જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી કુવરજીભાઈ હળપતિએ કરી છે. ડાંગ જિલ્લા સેવા સદન ખાતે આયોજિત જિલ્લા આયોજન મંડળની બેઠકને સંબોધતા ડાંગ જિલ્લાના પ્રભારી મંત્રી-વ-આદિજાતિ, શ્રમ રોજગાર, અને ગ્રામ વિકાસ રાજ્ય મંત્રી શ્રી કુવરજીભાઈ હળપતિએ વિકાસ કામોની બચત રકમ બાબતે સંબંધિતઅમલીકરણઅધિકારીઓની જવાબદેહી નક્કી કરવા સાથે, તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાની પણ તાકીદ કરી હતી. વિકાસકામો બાકી રહી જતાં હોય, અને અનુદાન પરત કરવાની નોબત ઊભી થાય તે પરિસ્થિતી સાંખી નહીં લેવાય તેમ પણ મંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યુ હતું. દરમિયાન સને ૨૦૨૨/૨૩ની બેઠકની કાર્યવાહી નોંધને બહાલ રાખવા

સાથે, ગત એપ્રિલ ૨૦૨૨ની બેઠકની કાર્યવાહીની અમલવારી, સહિત સને ૨૦૨૩/૨૪ના વર્ષના વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમની વિવિધ જોગવાઈઓના આયોજનની સમિક્ષા અને તે મંજૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જે મુજબ ૧૫ ટકા વિવિકાધીન જોગવાઈના કામો, વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમનું જિલ્લા કક્ષાનું આયોજન, વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળના સને ૨૦૧૮/૨૦ થી સને ૨૦૨૨/૨૩ના કામોની સમિક્ષા, વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ તથા એ.ટી.વી.ટી. યોજનાના ફેરદર ખાસ્તના કામોની વિસ્તૃત સમિક્ષા હાથ ધરવામાં આવી હતી. વિકાસ કામો સમય મર્યાદામાં પૂર્ણ નહીં કરતાં અમલીકરણ અધિકારીઓ કે એજેંસીઓની ઢીલાસ કે ઉદાસીનતા સાંખી નહીં લેવાય તેમ જણાવતા મંત્રિશ્રીએ સ્થાનિક વિકાસકામોમાં અવરોધ ઊભો કરતા ઈસમો સામે કાર્યવાહી હાથ ધરી, જરૂર પડ્યે પોલીસ પ્રોટેકશન સાથે આવા કાર્યો પૂર્ણ કરવાની સૂચના આપી હતી. મંત્રીશ્રીએ જિલ્લાના અમલીકરણ અધિકારો પૂર્ણ તૈયારી સાથે બેઠકમાં હાજર રહે તે આવશ્યક છે તેમ પણ સ્પરટપણે જણાવ્યુ હતું. અમલીકરણ અધિકારઓ સહિત સ્થાનિક પદાધિકારીઓને પણ નિયમિત રીતે ફિલ્ડ વિઝિટ કરવાની સૂચના આપતા પ્રભારી મંત્રી શ્રી કુવરજીભાઈ હળપતિએ, અહેવાલોમાં 'પ્રગતિ' શબ્દ ન લખતા ખરેખર થયેલા કામોની 'ટકાવારી' દર્શાવી કામો પૂર્ણ થવાની સમય મર્યાદા દર્શાવવાની પણ સૂચના આપી હતી. જુદી જુદી યોજનાઓ, કાર્યક્રમોમાં બેવડતા કામો, રદ કરવાપાત્ર કામો, ભાવફેરને કારણે શરૂ ન થયેલા કામો બાબતે સ્થાનિક પદાધિકારીઓ સાથે સમિક્ષા હાથ ધરી, અમલીકરણ અધિકારીઓ વિવિકબુદ્ધિ અનુસાર નિર્ણય લઈને, પ્રજાકીય જરૂરિયાતના કામો પૂર્ણ કરે તે બાબતે પણ મંત્રીશ્રીએ ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આહવા ખાતે યોજાયેલી બેઠકમાં ગુજરાત વિધાનસભાના નાયબ દંડક-વ-ડાંગના ધારાસભ્ય શ્રી વિજય ભાઈ પટેલે ઉચ્ચકક્ષાની બેઠકમાં અપૂરી, અપૂરતી, કે જાણકારી વિના બેઠકમાં ઉપસ્થિત રહેતા અમલીકરણ અધિકારીઓને પૂરતી તૈયારીઓ સાથે હજાર રહે વાની સૂચના આપી હતી. ડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી મંગળભાઈ ગાવિતે પણ સ્થાનિક વિકાસકામો બાબતે પરસ્પર સંકલન અને સહયોગ સાથે કામો પૂર્ણ કરવાની હિમાયત કરી હતી. જિલ્લા કલેક્ટર શ્રી ધર્મેન્દ્રસિંહ જાદેજાએ જિલ્લા વહીવટી તંત્ર વતી પ્રભારી મંત્રીશ્રીનું સ્વાગત કરી અમલીકરણ અધિકારીઓને માર્ગદર્શિત કર્યા હતા. જિલ્લા આયોજન અધિકારી શ્રી ડી.એન.પટેલે બેઠકની કાર્યવાહી સંભાળી હતી. જિલ્લા સેવા સદન ખાતે પ્રભારી મંત્રિશ્રીની અધ્યક્ષતામાં યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં જિલ્લા આયોજન મંડળના રાજય સરકારના નિરીક્ષક તરીકે નિયુક્ત શ્રી શૈલેષભાઈ લેઉવા, જિલ્લા આયોજન મંડળના સભ્યો, અમલીકરણ અધિકારીઓ વિગેરેએ ઉપસ્થિત રહી ચર્ચામાં ભાગ લીધો હતો.

કેન્દ્ર સરકાર દ્વારા એસએસજી હોસ્પિટલમાં નશા મુકિત કેન્દ્રનો પ્રારંભ

ખાનગી દવાખાનામાં એક વખતની રૂ. ત્રીસથી ચાલીસ હજારની સારવાર અહીં સાવ વિનામૂલ્યે અપાશે

ગુજરાતમાં વડોદરા ઉપરાંત જામનગર અને મહેસાણામાં પણ એટીએકેફની સુવિધા શરૂ કરવામાં આવી

કમલમ્ ન્યૂઝ,વડોદરા,

કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલા નશા મુકત ભારત અભિયાન તહત અહીની સર સયાજી ગાયકવાડ હોસ્પિટલમાં એડિકશન ટ્રિટમેન્ટ ફેસિલિટી (એટીએકે)નો પ્રારંભ કરવામાં આવ્યો છે. ગુજરાતમાં વડોદરા ઉપરાંત જામનગર અને મહેસાણામાં પણ એટીએકેની સુવિધા શરૂ કરવામાં આવી છે. અહીં વિવિધ તબક્કાની સારવાર આપીને નાગરિકોને વ્યસન મુકત થવા માટે મદદ કરવામાં આવશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ખાનગી દવાખાનામાં એક વખતની રૂ. ત્રીસથી ચાલીસ હજારની સારવાર અહીં સાવ વિનામૂલ્યે આપવામાં આવશે. એસએસજી હોસ્પિટલમાં વોર્ડ નંબર ૧૪, માનસિક રોગોના વિભાગ પાછળ શરૂ કરવામાં આવેલા એટીએકેનું દિલ્હીથી કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહ દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું ત્યાર સ્થાનિક કક્ષાએ કલેકટર શ્રી અતુલગોર અને ડીસીપી શ્રી અભય સોની આ સમારોહમાં જોડાયા હતા.

એડિકશન ટ્રિટમેન્ટ ફેસિલિટીમાં સારવાર માટે આવનારા વ્યકિતની ઓળખ ગુપ્ત રાખવામાં આવશે

ઉંચામાળા પ્રાથમિક શાળા સ્થાપના દિવસ અને વાર્ષિકોત્સવની ભવ્ય ઉજવણી

૧૦૨ વર્ષ પૂર્ણ થતા ઉત્સવનો માહોલ, શાળાના જ વિદ્યાર્થી અલ્કેશભાઈ જી ચૌધરી હાલ શિક્ષણ વિભાગ ગાંધીનગર ખાતે ઉપસ્થિત સચિવ તરીકે ફરજ બજાવે છે.

કમલમ્ ન્યૂઝ, રાકેશ વાળા

વ્યારાના ઊંચામાળા ગામે ૧૦૨ વર્ષ પહેલાં સ્થાપના થયેલ પ્રાથમિક શાળા ઊંચામાળા મુખ્યમાં સંયુકત કાર્યક્રમ યોજાયો હતોગુજરાત ગુજય પ્રાથમિક શિક્ષક સંઘના કાર્યવાહક પ્રમુખશ્રી તથા તાપી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખશ્રી સુધાકરભાઈ એલ ગામીતના અધ્યક્ષપણા હેઠળ અને સમારંભના ઉદ્‌ઘાટક અર્જુનભાઈ વી ચૌધરી ઉપપ્રમુખશ્રી તાપી જિલ્લા પંચાયત, નિતિનભાઈ એન ગામીત બાંધકામ અધ્યક્ષ તાપી જિલ્લા પંચાયત અને આશિષભાઈ બી ચૌધરી એન્જીનીયર (DGVCL) દ્વારા સુચારૂ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કેક કાપીને અનોખી ઉજવણી કરવામાં આવી હતી શાળાના બાળકો, જ્ઞાનદીપ હાઈસ્કુલ ગામની બહેનો દ્વારા રંગારંગ કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો અને આમંત્રિત મહેમાનો સહિત પ્રાથમિક શાળાના ભૂતપૂર્વ શિક્ષકો,તથા નોકરી કરતાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમજ શાળા અને ગામના વિકાસ માટે ફાળો આપનાર વડીલોનું કાર્યક્રમમાં સન્માન કરવામાં આવ્યું હતું. સમારંભના મુખ્ય વકતાઓ ડો.રાયસીંગભાઈ બી ચૌધરી અને ડો. દિલીપભાઈ એમ ગામીત તેમજ આશાબેન આર ચૌધરી અને છત્રસિંહભાઈ એમ ચૌધરીએ શાળા સંસ્કાર જીવન ઘડતર, આરોગ્ય, શિક્ષણ, સ્કીલ,તેમજ બાળક,શિક્ષક અને વાલી ત્રિવેણી સંગમ તેમજ બાળકોના સર્વાંગી વિકાસ માટે શાળા,શિક્ષકો અને વાલીની ભૂમિકા તેમજ જ્ઞાન એ અવંચીન યુગનું શસ્ત્ર છે.જે વિષયો પર શાળા ,વાલીઓને તેમજ ગ્રામજનોને પ્રેરણાત્મક વકતવ્ય આપવામાં આવ્યું હતું. આશાબેન આર ચૌધરી દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું અને અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે શાળાના ભુતપૂર્વ વિદ્યાર્થી અને હાલ ગાંધીનગર સચિવાલય શિક્ષણ વિભાગમાં ઉપસચિવ તરીકે ફરજ બજાવતા શ્રીમાન અલ્કેશભાઈ જી ચૌધરી ગુજરાતમાં ચાલી રહેલ બજેટની કામગીરીને કારણે ઉપસ્થિત રહી શકયા ન હતાં પરંતુ શાળા,વાલીઓ અને ગ્રામજનો માટે પ્રોત્સાહક સંદેશ પાઠવ્યો હતો જેમાં બાળકોના જીવનમાં ઢાળની ભૂમિકા ખુબજ અગત્યની હોય માટે શાળાનાં વિકાસ માટે તથા સારા શિક્ષણ માટે આપણું યોગદાન હોવું જોઈએ. આ સંદેશને શાળાના સંસ્મરણ તરીકે રાખવામાં આવશે. જે વિદ્યાર્થીઓ, વાલીઓ અને ગ્રામજનોને હમેશા પ્રેરણા આપતો રહેશે કાર્યક્રમમાં ગામના પૂર્વ સરપંચ શૈલેષભાઈ જી ચૌધરી સહિત સામાજિક અને રાજકીય આગેવાનોએ હાજરી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રાથમિક શાળા ઊંચામાળાના આચાર્યશ્રી સંજયકુમાર જી ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું કાર્યક્રમના અંતે સમૂહ પ્રિતિ ભોજન લઈ સમારંભની પૂર્ણાહુતી કરવામાં આવી હતી.

ઘોડ્યીત ગામે શ્રી જલારામબાપાના મંદિરની સાલગીરીની હર્ષોલ્લાસથી ઉજવણી કરવામાં આવી..

કમલમ્ ન્યૂઝ,શૈલેષ દેવાણી

તાપી જિલ્લાના વ્યારા તાલુકાના ઘોડ્યીત ગામે તા. ૦૯/૦૨/૨૦૨૩ ના ગુરુવારના રોજ જલારામ બાપાની સાલગીરીની હર્ષોલ્લાસથી ઉજવણી કરવામાં આવી જેમાં ગામનાં ભકતજનો દ્વારા ભંડારાનુ આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ લોક ડાયરાનો પણ આયોજન કરવામાં આવ્યું હતું,જલારામ બાપાના મંદિરની સાલગીરીમાં ગામનાં અને આજુબાજુના લોકોની સાથે સાથે આશ્રમશાળાના વિદ્યાર્થીઓએ દર્શન કરી મહાપ્રસાદીનો અને લોક ડાયરા સાંભળવાનો લાભ લીધો હતો.



કમલમ્ ન્યૂઝ,સમીર શાહ

તાપી જિલ્લા માં પ્રાકૃતિક ખેતીનો પાક વધે એ માટે ના પ્રયત્નો વધારવા માટે સંબંધિત અધિકારીઓ અને ખેડૂતો સાથે બેઠક કરી. તાપી જિલ્લાની અલગ ઓળખ ઊભી થાય એ અંગે જિલ્લા કલેકટર એ માર્ગદર્શન આપ્યું હતું.

પ્રાથમિક શાળા ઊંચામાળા મુખ્ય તા.વ્યારા જિ.તાપી ખાતે શાળા સ્થાપના દિવસ અને વાર્ષિકોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી

કમલમ્ ન્યૂઝ, ઉમેશ તામસે

તા.૦૮/૦૨/૨૦૨૩ના બુધવારના રોજ વ્યારાના ઊંચામાળા ગામે ૧૦૨ વર્ષ પહેલાં સ્થાપના થયેલ પ્રાથમિક શાળા ઊંચામાળા મુખ્યમાં સંયુકત કાર્યક્રમ યોજાયો હતો.ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક સંઘના કાર્યવાહક પ્રમુખશ્રી તથા તાપી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખશ્રી શ્રીમાન સુધાકરભાઈ એલ ગામીતના અધ્યક્ષપણા હેઠળ અને સમારંભના ઉદ્‌ઘાટક અર્જુનભાઈ વી ચૌધરી ઉપપ્રમુખશ્રી તાપી જિલ્લા પંચાયત,શ્રીમાન નિતિનભાઈ એન ગામીત બાંધકામ અધ્યક્ષ તાપી જિલ્લા પંચાયત અને શ્રીમતી આશાબેન આર ચૌધરી ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૨ અને સમારંભના મુખ્ય મહેમાનો ગીરીશભાઈ ડી ચૌધરી, છત્રસિંહભાઈ એમ ચૌધરી, બકુલચંદ્ર આર ચૌધરી,અને કિરણ ભાઈ કે ગામીત દ્વારા સમગ્ર કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય કરી કરવામાં આવી.અત્રે ઉલ્લેખનીય છે કે શિક્ષણ ક્ષેત્રે યશસ્વી રીતે શાળા સંકુલે ૧૦૨ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કરેલ હોય તારીખ ૦૮/૦૨/૨૦૨૩ ના રોજ વિદ્યાર્થીઓ, પૂર્વ વિદ્યાર્થીઓ અને ગામના આગેવાનો અને શાળા પરિવાર દ્વારા તેમજ વાર્ષિક ઉજવણી સમીતીના મુખ્ય કન્વીનર આશિષભાઈ બી ચૌધરી એન્જીનીયર (DGVCL) દ્વારા સુચારૂ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કેક કાપીને અનોખી ઉજવણીકરવામાંઆવીહતી.શાળાના બાળકો,જ્ઞાનદીપ હાઈસ્કુલ,ગામની બહેનો દ્વારારંગારંગ કાર્યક્રમ પ્રસ્તુત કરવામાંઆવ્યોહતો.અને આમંત્રિત મહેમાનો સહિત પ્રાથમિક શાળાના ભુતપૂર્વ વિદ્યાર્થીઓ,તથા નોકરી કરતાં ભુતપૂર્વ વિદ્યાર્થીઓ તેમજ શાળા અને ગામના વિકાસ માટે ફાળો આપેલ વડીલોનું કાર્યક્રમમાં સન્માન કરવામાં આવ્યું હતું. સમારંભના મુખ્ય વકતાઓ ડો.રાયસીંગભાઈ બી ચૌધરી અને ડો. દિલીપભાઈ એમ ગામીત તેમજ આશાબેન આર ચૌધરી અને છત્રસિંહભાઈ એમ ચૌધરીએ શાળા, સંસ્કાર, આરોગ્ય, શિક્ષણ, સ્કીલ,તેમજ બાળક,શિક્ષક અને વાલી ત્રિવેણી સંગમ તેમજ બાળકોના સર્વાંગી વિકાસ માટે શાળા,શિક્ષકો અને વાલીની ભુમિકા તેમજ જ્ઞાનએ અવંચીન યુગનું શસ્ત્ર છે.જે વિષયો પર શાળા,વાલીઓને ગામને પ્રેરણાત્મક વકતવ્ય આપવામાં આવ્યું. અને આશાબેન આર ચૌધરી દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું અને અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે શાળાનાં ભુતપૂર્વ વિદ્યાર્થી અને હાલ ગાંધીનગર સચિવાલય શિક્ષણ વિભાગમાં ઉપસચિવ તરીકે ફરજ બજાવતા શ્રીમાન અલ્કેશભાઈ જી ચૌધરી ગુજરાતમાં ચાલી રહેલ બજેટની કામગીરીને કારણે ઉપસ્થિત રહી શકયા ન હતાં પરંતુ શાળા,વાલીઓ અને ગ્રામજનો માટે ઉત્સાહ પ્રેરક સંદેશ પાઠવ્યો હતો. જેમાં બાળકોના જીવનમાં શાળાની ભૂમિકા ખુબજ અગત્યની હોય માટે શાળાનાં વિકાસ માટે તથા સારા શિક્ષણ માટે આપણું યોગદાન હોવું જોઈએ. આ સંદેશને શાળાનાં સંસ્મરણ તરીકે રાખવામાં આવશે. જે વિદ્યાર્થીઓ,વાલીઓ અને ગ્રામજનોને હમેંશા પ્રેરણા આપતો રહેશે. કાર્યક્રમમાં ગામના પૂર્વ સરપંચ શૈલેષભાઈ જી ચૌધરી સહિત સામાજિક અને રાજકીય આગેવાનોએ હાજરી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રાથમિક શાળા ઊંચામાળાના આચાર્યશ્રી સંજયકુમાર જી ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું કાર્યક્રમના અંતે સમૂહ પ્રિતિ ભોજન લઈ સમારંભની પૂર્ણાહુતી કરવામાં આવી હતી.

લખધીરજી એન્જિનિયરિંગ કોલેજમોરબીદ્વારા G-20 પોસ્ટર મેકિંગ કોમ્પિટિશન યોજાઈ

ઉત્કૃષ્ટ પ્રદર્શન દાખવનાર ટીમ A અને ટીમ B ને વિજેતા જાહેર કરાઇ

કમલમ્ ન્યૂઝ,મહેશ ડી સિંધવ

G-20 ઈન્ડિયાની પ્રેસિડન્સી અંતર્ગત એજ્યુકેશન વિભાગદ્વારા કોલેજ લેવલે અલગ અલગ કાર્યક્રમ કરવાની માહિતી પુસ્તિકાના આધારે લખધીરજી એન્જિનિયરિંગ કોલેજ મોરબીદ્વારા પોસ્ટર મેકિંગ કોમ્પિટિશન યોજાઈ હતી. જેમાં G-20 કન્ટ્રીઝ કલ્ચર , અબ્જન ડેવલપમેન્ટ અને ટુરીઝમ ઇન ઇન્ડિયાના જેવા વિષયો લેવામાં આવ્યા હતા. જે ની અંદર સંસ્થાના દરેક વિદ્યાર્થીએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કોમ્પિટિશનના અંતે રેકિંગ કરવામાં આવ્યું હતું. જેમાં ટીમ A (શુભમ ગોહેલ, અંકિત કોળી, ધ્રુવ ચૌહાણ અને કેવલ આહિર) અને ટીમ B (વત્સલ જોશી, વૈશ્વિક પંડ્યા, મયુર રાઠોડ) બંને ટીમને પ્રથમ ક્રમે વિજેતા જાહેર કરવામાં આવી હતી. આ ઈવેન્ટનું આયોજન કોલેજના પ્રિન્સિપાલ ડો. બી. એન. સુથાર સર , G-20ના નોડલ ઓફિસર તરીકે ડો.માયાબેન વાધવાની અને સંસ્થાના જીમખાનાના વાઇસ પ્રેસિડેન્ટ એન. એમ.ભટ્ટની ટીમે તેમજ અન્ય સ્ટાફ મેમ્બર અને વિદ્યાર્થીઓએ મળીને કર્યુ હતું.

નવસારી જિલ્લા પંચાયત ભવનના સભાખંડ ખાતે કેશ ક્રેડિટ કેમ્પ યોજાયો

નવસારી જિલ્લા પંચાયત પ્રમુખ ભીખુભાઇ આહિરના હસ્તે સ્વસહાય જૂથોની બહેનોને ધિરાણના ચેકોનું વિતરણ કરાયું

કમલમ્ ન્યૂઝ,નવસારી

ગ્રામ્ય વિસ્તારની ગરીબ મહિલાઓને સંગઠિત કરી તેઓ આર્થિક, સામાજીક, કૌટુંબિક, શૈક્ષણિક તેમજ આરોગ્ય વિષયક ક્ષેત્રમાં વિકાસ તરફ આગળ વધે તે હેતુને ધ્યાનમાં રાખી દીનદયાળ ઉપાધ્યાય અંત્યોદય યોજના અન્વયે રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન અંતર્ગત નવસારીના જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભીખુભાઈ આહીરના અધ્યક્ષસ્થાને જિલ્લા પંચાયત ભવનના સભાખંડ ખાતે કેશ ક્રેડિટ કેમ્પ યોજાયો હતો. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભીખુભાઈ આહીરે જણાવ્યું હતું કે,"મહિલાઓ આત્મનિર્ભર બને અને તેમનો સર્વાંગી વિકાસ થાય એ માટે સરકાર પ્રતિબધ્ધ છે. જેના ભાગરૂપે દિનદયાળ ઉપાધ્યાય રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન ગ્રામીણ વિસ્તારની બહેનો માટે સ્વસહાય જૂથોની રચના કરી તેઓને બચત અને આંતરિક ધિરાણ

સાથે બેંકોને જોડી તેમનું આર્થિક ઉપાર્જન કાર્ય સતત કરી રહી છે. સરકારશ્રી દ્વારા સખી મંડળની બહેનોને ધિરાણ આપવા હેતુથી દર માસે કેશ ક્રેડિટ કેમ્પ કાર્યક્રમ કરવાનું આયોજન કરાયું છે. જેના ભાગરૂપે ગત માસ સુધીના કેમ્પમાં નવસારી જિલ્લામાં ૪૨૭૦ સખી મંડળોને કુલ રૂપિયા ૩૬૩૩.૬૯ લાખની ધિરાણ કરાયું છે. આ અવસરે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભીખુભાઈ આહીર અને મહાનુભાવોના હસ્તે સ્ટેજ પરથી પ્રતિકાત્મકરૂપે પાંચ સખીમંડળોને ચેકો એનાયત કરાયા હતા. સમગ્ર કાર્યક્રમમાં જિલ્લાની ૫૦ સખી મંડળોને રૂ.૬૦ લાખના કેશ ક્રેડિટ ધિરાણ સહાયના ચેકો આપવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં જલાલપોર તાલુકાના સામાપોર ગામની સતિમાં સ્વ સહાય જૂથના જાગૃતિબહેન આર પટેલ દ્વારા સાફલ્ય ગાથા રજૂ કરવામાં આવી હતી. સાથે નવા નિમણુંક પામેલા બેંકસખી બહેનોને નિમણુંક પત્ર અને શ્રેષ્ઠ કામગીરી કરનાર બેંક મેનેજર અને સ્વસહાય જૂથોને સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન જિલ્લા ગ્રામવિકાસ એજન્સીના નિયામકશ્રી એમ.એસ.ગઢવી અને આભારવિધિ ડી.એલ.એમશ્રી મયૂરીબહેન વાડિયાએ કરી હતી. આ પ્રસંગે બેંક ઓફ બરોડા ગ્રામીણ બેંકના અધિકારીઓ અને સખી મંડળની બહેનો હાજર રહયા હતા.

સમીર શાહ

રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ નિમિત્તે સ્ટેશન રોડ વિસ્તારના આનંદ શાળામાં નગરપાલિકાના ચેરમેન સમિતિના સભ્ય કુલીનભાઈ પ્રધાન દ્વારા શાળાના વિદ્યાર્થીઓને કૃમિનાશક દવાઓ આપી. અને બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

જય જલારામ સખી મંડળની બહેનો સ્વાદિષ્ટ ચોકલેટ બનાવી આર્થિક ઉપાર્જન મેળવે છે.

"મિશન મંગલમ" યોજનાએ મધ્યમવર્ગ પરીવાર સાથે સંકળાયેલી મહિલાઓની કુશળતા અને સામાજીક સ્થિતિમાં સુધારો કર્યો છે – ભાવનાબેન પટેલ

ભાવનાબેન પટેલ ચોકલેટનું વેચાણ સાથે અન્ય ૨૦ મહિલાઓને સિવણની તાલીમ આપી આર્થિક રીતે પગભર બનાવી રહયાં છે.

કમલમ્ ન્યૂઝ,નવસારી

રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન થકી નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના જય જલારામ સખી મંડળની બહેનોએ શૂન્યમાંથી સર્જન કરી આત્મનિર્ભર નારીથી આત્મનિર્ભર ગુજરાતની પરિકલ્પનાને સાચા અર્થમાં સાકાર કરી છે . જય જલારામ સખી મંડળના પ્રમુખશ્રી ભાવનાબેન પટેલ અને અન્ય બહેનો વર્ષ ૨૦૧૬ થી મિશન મંગલમ યોજના સાથે જોડાયા છે. મિશન મંગલમ યોજના દ્વારા વિવિધ સહાય મેળવવા સાથે સાડીભરત, સિલાઈકામ અને ચોકલેટ જેવી લઘુઉધોગ સંબંધિત વસ્તુઓની તાલીમ લઇ વર્ષોથી આવક મેળવી રહ્યું છે. જય જલારામ સખી મંડળના પ્રમુખશ્રી ભાવનાબેન પટેલ તેમના મંડળની સાફલ્ય ગાથા કહેતાં કહ્યું કે સાત વર્ષથી સતત અમારું મંડળ પ્રગતિ કરે છે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના સ્ટાફ દ્વારા અમને અમારી ચીજવસ્તુઓનું વેચાણ થાય અને અમને વેંચાણ નુ પ્લેટફોર્મ મળી રહે તે માટે અમને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. આ માટે તાલીમ પણ આપવામાં આવી છે. સાત વર્ષ પહેલા અમારે કોઈ આવક ન હતી. આજે સખી મંડળની આ યોજના થકી અમે પગભર થયા છીએ. જય જલારામ સખી મંડળ વર્ષ-૨૦૨૨ માં ચોકલેટ બનાવવાની તાલીમ લઈ વિવિધ પ્રકારની ચોકલેટ બનાવી ઓર્ડર લઈ વેચાણ કરે છે. ઓર્ડર મુજબ ચોકલેટ બનાવીને વેચાણ કરી આર્થિક રીતે પગભર બન્યા છે. સરકારશ્રીની મિશન મંગલમ યોજનાનો લાભ લઈ પરિવારને પણ મદદરૂપ બની રહયાં છે. સાથે સાથે જય જલારામ સખી મંડળના પ્રમુખશ્રી ભાવનાબેન પટેલ મંડળમાંથી ઉપજાવેલ આવકમાંથી આસપાસની ૨૦ જેટલી બહેનોને નજીવા દરે સિવણની તાલીમ આપી આર્થિક રીતે પગભર બનાવી રહયાં છે તેમની આ પહેલ મહિલા સશક્તિકરણ ક્ષેત્રમાં મોટું યોગદાન છે.

કેન્દ્ર અને રાજય સરકાર બહેનોની પ્રગતિ થાય અને મહિલાઓનું કલ્યાણ થાય તે માટે ગરીબી રેખા નીચે જીવતા પરિવારના સભ્યોને સખીમંડળો સ્વસહાય જૂથોમાં સંગઠીત કરી તેમને બેંકો સાથે અને લઘુધિરાણ જોડી, સુવ્યવસ્થિત પ્રક્રિયા દ્વારા કૌશલ્ય તાલીમ અને માર્કેટીંગ જોડાણ આપી કાયમી આજીવિકા સાથે જોડીને ગરીબીમાંથી બહાર લાવવા મિશન મંગલમ યોજના ખૂબ જ લાભદાયી છે.

સમગ્ર શિક્ષા ગીર સોમનાથ દ્વારા ટ્રાન્સપોર્ટેશન યોજના ના સ્કૂલ વાહન ચાલકોની તાલિમ યોજાઈ

વાણી-વર્તન, બાળકો સાથે વ્યવહાર, ટ્રાફિક નિયમો વગેરે બાબતો વિશે અપાઈ તાલિમ

કમલમ્ ન્યૂઝ,સોમનાથ

શ્રી મણીબહેન કોટક હાઈસ્કૂલ વેરાવળ ખાતે પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી ડૉ. એચ.કે.વાજાના અધ્યક્ષસ્થાને સમગ્ર શિક્ષા ગીર સોમનાથ દ્વારા વાહન ચાલક મિત્રોની તાલિમનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલિમના મુખ્ય અતિથી આરટીઓ ઓફિસર શ્રી યુવરાજસિંહ વાઘેલા રહ્યાં હતાં. ગીર સોમનાથ જિલ્લાની ૧૨૫ શાળાઓમાં શરૂ ટ્રાન્સપોર્ટેશન યોજનાનો ૬૬૧૯ બાળકો લાભ લઈ રહ્યાં છે. આરટીઓ ઓફિસરશ્રીએ તાલિમ દરમિયાન સ્કૂલ વાહન ચાલકોને બાળકો સાથે કઈ રીતે વ્યવહાર કરવો, ટ્રાફિક નિયમોના પાલન, વાહન ચાલકોના વાણી-વર્તન, વગેરે બાબતો વિશે ઉંડાણપૂર્વક સમજ આપી હતી. આ તકે વેરાવળ બીઆરસી શ્રી સંદિપભાઈ દ્વારા તમામનું શબ્દોથી સ્વાગત કરવામાં આવ્યું હતું. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડૉ એચ.કે.વાજાએ પ્રાસંગિક ઉદ્બોધન કરતાં જણાવ્યું હતું કે, બાળકોનું મન ખૂબ જ કોમળ અને ચંચળ હોય છે. આ કારણે તેમને વાહનમાં બેઠક વ્યવસ્થા કઈ રીતે કરવી, સેફ્ટી બાબતો વિશે જણાવવું ઉપરાંત કેપેસિટી અનુસાર જ બાળકોને બેસાડવા જેવી બાબતો વિશે માર્ગદર્શન આપ્યું હતું. તાલિમ દરમિયાન રસપ્રદ પ્રશ્નોત્તરી થઈ હતી તેમજ સલામતીના ધોરણો, પારિવારિક અને સામાજિક દ્રષ્ટાંત અને પીપીટી દ્વારા માહિતી આપવામાં આવી હતી અને વાહનમાં પીયુસી, લાઈસન્સ, વાહનનું ફિટનેસ સર્ટિ વગેરે ડોક્યુમેન્ટ્સ વિશે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બહોળી સંખ્યામાં સ્કૂલ વાહનચાલકોએ આ તાલિમનો લાભ લીધો હતો. તાલિમનું સફળ સંચાલન બ્લોક આર.પી પરેશભાઈ પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતું.

મુંદ્રાની શારદા મંદિર પ્રાથમિક શાળામાં રાષ્ટ્રીય કૃમિનાશક દિવસની ઉજવણી કરાઈ

મુન્દ્રા તાલુકાના ૧ થી ૧૯ વર્ષ સુધીના ૪૫૦૦૦ બાળકોને વિનામુલ્યે અપાશે કૃમિનાશક ગોળી

કમલમ્ ન્યૂઝ,મુન્દ્રા,

પેટમાં ઝીણો દુખાવો થવો, વારંવાર ભૂખ લાગવી, ખાવાનું પૂરતું ખાવા છતાં વજન વધે નહીં, ગળ્યુ ખાવાનું બહુ મન થાય જેવા લક્ષણો વાળા રોગ કૃમિને નિવારવા માટે છ મહિનામાં એક વખત કૃમિનાશક ગોળી બાળકને આપવી અતિ આવશ્યક છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના રિપોર્ટ મુજબ ભારતમાં સૌથી વધુ બાળકોને કૃમિ રોગ થતો હોઈ ૨૦૧૫થી દર વર્ષે ફેબ્રુઆરી અને ઓગસ્ટ માસમાં ૧ થી ૧૯ વર્ષ સુધીના તમામ બાળકોને ગુજરાતની સંવેદનશીલ સરકારના આરોગ્ય વિભાગ દ્વારા કૃમિના ચેપથી બચવા આલબેન્ડાઝોલની ગોળી વિનામુલ્યે આપીને બાળકોની દરકાર રાખવામાં આવે છે ત્યારે મુન્દ્રાની શારદા મંદિર પ્રાથમિક શાળાના આચાર્યા ચંદ્રિકાબેન પટેલના માર્ગદર્શન હેઠળ શાળાના તમામ બાળકોને કૃમિનાશક ગોળી આપવામાં આવી હતી.પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઝરપરાના સુપરવાઈઝર પ્રકાશભાઈ ઠકકરે કૃમિના લક્ષણો, સારવાર, ફેલાવના કારણો, સાવચેતીના પગલાઓ અને ગોળીના ફાયદાઓની સમજ આપતા જણાવ્યું હતુંકે સામાન્ય રીતે બાળકોમાં આ રોગનો પ્રભાવ તાત્કાલિક જોવા મળતો નથી પરંતુ બાળકોમાં કુપોષણ અને લોહીની ઉણપ થકી તેને હંમેશા થાક લાગે છે અને તેનાથી બાળકનો સર્વાંગી વિકાસ રૂંધાય છે આના નિવારણ માટે વર્ષમાં બે વખત કૃમિનાશક દવાનો એક ડોઝ બાળકને વિનામૂલ્યે આપવામાં આવે છે. દવાની સાથે તેનાથી બચવાના ઉપાયો જેવા કે નખ કાપીને સાફ રાખવા, હંમેશા સ્વચ્છ પાણી પીવું, ખોરાક ઢાંકીને રાખવો, બજારનો ખુલ્લો ખોરાક ન ખાવો, ફળો અને શાકભાજીનો ધોઈને જ ઉપયોગ કરવો, પગરખાં પહેરવા, ઘરની આસપાસ સ્વચ્છતા જાળવવી, ખુલ્લામાં જાજરૂ ન જતા શૌચાલયનો જ ઉપયોગ કરવો, જમ્યા પહેલા અને શૌચ પછી સાબુથી હાથ ધોવા પણ ખૂબ જ જરૂરી છે એમ જણાવ્યું હતું. આરોગ્ય લક્ષી વિચારો રજૂ કરનાર શાળાના બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમને સફળબનાવવા સી. એચ. ઓ. ખુશ્બુબેન અસારી, આરોગ્ય કાર્યકર રમીલાબેન વસરા, જીગ્નેશભાઈ પંચાલ, અશ્વિનભાઈ ગરાસિયા અને સ્થાનિક આશા રેહનાબેન માંજલિયા સહયોગી રહ્યા હતા. આભારવિધિ શાળાના શિક્ષક મુકેશભાઈ બાવળીયાએ કરી હતી.તાલુકાઆરોગ્ય અધિકારી ડો. કૈલાશપતિ પાસવાને એક યાદીમાં જણાવ્યું હતું કે ૧૦મી ફેબ્રુઆરીથી ૧૭ ફેબ્રુઆરી સુધી ચાલનારા આ રાષ્ટ્રીય કાર્યક્રમમાં ૧ થી ૧૯ વર્ષ સુધીના ૪૫૦૦૦ જેટલા બાળકોને આંગણવાડી કાર્યકર તથા આરોગ્ય કાર્યકર દ્વારા વિનામુલ્યે આલબેન્ડાઝોલ ગોળી આપવામાં આવશે ત્યારે શિક્ષક અને વાલીઓ સહકાર આપે તો તંદુરસ્ત બાળક થકી ઉજ્જ્વળ ભારતની આશા સાર્થક કરી શકાશે એમ જણાવ્યું હતું.

જી-૨૦ સમિટમાં પધારેલા પ્રતિનિધિશ્રીઓએ સ્મૃતિવન મ્યૂઝિયમની મુલાકાત લઈને ભૂકંપના દિવંગતોને અર્પી અંજલિ

કમલમ્ ન્યૂઝ,ભુજ,

ભૂકંપના દિવંગતોની યાદમાં બનેલા કચ્છના ભુજ ખાતેના સ્મૃતિવનની આજરોજ જી-૨૦ સમિટના સભ્ય દેશો, આમંત્રિત દેશો તેમજ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના પ્રતિનિધિશ્રીઓએ મુલાકાત લીધી હતી. કેપીએમજીના શ્રી રાજા ભટ્ટાચાર્યે પધારેલા ડેલિગેટસને મ્યૂઝિયમ વિશેની માહિતી આપીને જીએસડીએમ વતી સ્વાગત કર્યું હતું.

સ્મૃતિવન મ્યૂઝિયમમાં ભૂસ્તરશાસ્ત્રને લગતી વિવિધ રસપ્રદ માહિતી તેમજ ભૂકંપની સ્મૃતિઓને દર્શાવતી અલગ અલગ ગેલેરીઓની પ્રતિનિધિશ્રીઓએ વિઝીટ કરી હતી. આ સાથે અંતિમ ગેલેરીમાં ભવિષ્ય માટેનો સંદેશ પણ પ્રતિનિધિશ્રીઓએ લખ્યો? હતો અને દિવંગતોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. મ્યૂઝિયમમાં ભૂકંપની અનુભૂતિ કરાવતા વિશેષ થિયેટરનું નિર્માણ કરવામાં આવ્યું છે જે વિશ્વમાં સૌથી મોટા સિમ્યુલેટર પૈકીનું એક છે

ત્યારે અહીં જી-૨૦ના સભ્યશ્રીઓને ધ્રુજારી , ધ્વનિ તથા પ્રકાશના સંયોજનથી એક વિશેષ ભૂકંપની પરિસ્થિતિનો અનુભવ કરાવવામાં આવ્યો હતો. આ સાથે સ્મૃતિવનમાં મ્યૂઝિયમના કુલ સાત બ્લોક જે પુનઃ સંરચના, પુનઃપરિચય, પુનઃપ્રત્યાવર્તન, પુનઃનિર્માણ, પુનઃવિચાર, પુનઃઆવૃતિ અને પુનઃસ્મરણને દર્શાવે છે તેને પ્રતિનિધિશ્રીઓએ નિહાળ્યા હતા. ઐતિહાસિક હડપ્પન વસાહતો, ભૂકંપને લગતી વૈજ્ઞાનિક માહિતી, ગુજરાતની કળા અને સંસ્કૃતિ, વાવાઝોડાનું વિજ્ઞાન, રિયલટાઈમ આપાતકાલિન સ્થિતિ અંગે કંટ્રોલ રૂમ દ્વારા સમજૂતિ તેમજ ભૂકંપ બાદના ભુજની સાફલ્ય ગાથાઓ અને રાજયની વિકાસયાત્રાને વર્કશોપ અને પ્રેઝન્ટેશનના માધ્યમથી જી-૨૦ના ડેલીગેટસ એ માહિતી મેળવી હતી. આ મુલાકાત દરમિયાન ભારત સરકાર ટૂરિઝમ વિભાગના સેક્રેટરી અરવિંદ સિંઘ, ગુજરાત ટૂરિઝમ વિભાગના સેક્રેટરી શ્રી હારિત શુક્લા, જોઈન્ટ એમડી શ્રી હનુમંતસિંહ જાડેજા, જિલ્લા કલેકટર શ્રી દિલીપ રાણા, વિદેશ મંત્રાલયના અધિકારીશ્રી અંકિત જૈન, પશ્ચિમ કચ્છ પોલીસ અધિક્ષક શ્રી સૌરભ સિંઘ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી ભવ્ય વર્મા સહિત પ્રવાસન વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ, વિદેશ મંત્રાલયના ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વૈશ્વિક ધરોહર હડપ્પન સાઈટ ધોળાવીરાની મુલાકાત લેતા જી-૨૦ દેશના પ્રતિનિધિશ્રીઓ

પાંચ હજાર વર્ષ જૂની સભ્યતાના મહાનગર ધોળાવીરાને નિહાળીને જી-૨૦ ડેલિગેટસ થયા અભિભૂત





કમલમ્ ન્યૂઝ,

સફેદ રણ ધોરડો કચ્છ ખાતે પ્રથમ પર્યટન કાર્યકારી સમૂહ બેઠકમાં ભાગ લેવા માટે જી-૨૦ સભ્ય દેશો, આમંત્રિત દેશો તેમજ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના વરિષ્ઠ પ્રતિનિધિશ્રીઓ તેમજ સહભાગીઓ પધાર્યા છે ત્યારે આજરોજ બેઠકના ત્રીજા દિવસે પ્રતિનિધિશ્રીઓ અને સહભાગીઓએ કચ્છના ખદીર બેટમાં સ્થિત પાંચ હજાર વર્ષ જૂની સભ્યતાના મહાનગર ધોળાવીરાની મુલાકાત લીધી હતી.

વૈશ્વિક ધરોહર ધોળાવીરા પહોંચતા જ કચ્છી સંસ્કૃતિ મુજબ ડેલિગેટ્સનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

ધોળાવીરા મ્યૂઝિયમ ખાતે પુરાતત્વ વિભાગના અધિકારીશ્રીઓ દ્વારા ડેલિગેટ્સને આવકાર આપીને હડપ્પન સંસ્કૃતિના મહાનગર ધોળાવીરા વિશે મોડેલ દ્વારા પ્રાથમિક માહિતી આપવામાં આવી હતી. ઉષ્માભર્યા સ્વાગત બાદ ડેલિગેશનએ હડપ્પીય સંસ્કૃતિના મહાનગર ધોળાવીરા સાઈટની મુલાકાત લીધી હતી. કેવી રીતે ધોળાવીરા મહાનગરનો વિકાસ થયો અને નગરનિયોજન સાથે ધોળાવીરા માનવ સભ્યતાના એક ઉત્તમ ઉદાહરણ તરીકે ઊપસી આવ્યું તેના વિશે જાણીને ડેલિગેટ્સ પ્રભાવિત થયા હતા. આ મુલાકાત દરમિયાન હડપ્પીય સંસ્કૃતિ, રહેણીકરણી, મહાનગરમાં પાણી સંગ્રહની અદભૂત વ્યવસ્થા તેમજ સુરક્ષિત દિવાલો વિશે વિગતવાર માહિતી ડેલિગેટસને અપાઈ હતી. પ્રાચીન મણકા બનાવવાની ફેક્ટરી, સુઆયોજિત સ્ટેપવેલ, અપર ટાઉન, મિડલ ટાઉન અને લોવર ટાઉન વગેરે જોઈને ડેલિગેટ્સ રોમાંચિત થયા હતા. આ મુલાકાત દરમિયાન ભારત સરકાર ટૂરિઝમ વિભાગના સેક્રેટરી અરવિંદ કુમાર, પુરાતત્વીય વિભાગના એડીજી જાન્હવિજ શર્મા, ગુજરાત ટૂરિઝમ વિભાગના સેક્રેટરી શ્રી હારિત શુક્લા, ગુજરાત ટુરિઝમ વિભાગના એમડી શ્રી આલોક પાંડે, ગુજરાત ટૂરિઝમ વિભાગના જોઈન્ટ એમડી શ્રી હનુમંતસિંહ જાડેજા, જિલ્લા કલેકટર શ્રી દિલીપ રાણા, પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક શ્રી મહેન્દ્ર બગડીયા, પશ્ચિમ કચ્છપોલીસ અધિક્ષકશ્રી સૌરભસીંઘ સહિત પ્રવાસન વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ, વિદેશ મંત્રાલયના ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

એકલવ્ય મોડેલ રેસીડેન્સી સ્કૂલ મેઘરજમાં બે દિવસનાં શૈક્ષણિક પ્રવાસનું આયોજન

કમલમ્ ન્યૂઝ,અમિત ઉપાધ્યાય

તાજેતરમાં એકલવ્ય મોડલ રેસિડેન્સીયલ સ્કૂલ મેઘરજ ખાતે બાળકોના સર્વાંગી વિકાસ માટે શાળા દ્વારા બે દિવસીય શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું જેમા બાળકોએ પાવાગઢ, વડોદરા કમાટીબાગ, મ્યુઝિય મ, પ્રાણી સંગ્રહાલય મુલાકાત લીધી તથા બીજા દિવસે સરદાર સરોવર ડેમ, સ્ટેચ્યુ ઓફ યુનિટી, ફ્લાવર શો, સફારી ઝોન વગેરે ની મુલાકાત લઈ આનંદ અને ઉત્સાહથી શૈક્ષણિક પ્રવાસ ની મજા માણી હતી.

ધાનપુર ખાતે રક્તપિત્ત અંગે જનજાગૃતિ ડાર્યક્રમ યોજાયો

કમલમ્ ન્યૂઝ,

દાહોદ જીલ્લાના ધાનપુર તાલુકાના ધાનપુર ગામ ખાતે મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો શિલ્પા યાદવ અને જિલ્લા રક્તપિત્ત અધિકારી ડો. આર. ડી.પડાદીયાના માર્ગદર્શન હેઠળ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર રાછવા ના મેડિકલ ઓફિસર શ્રી તથા લેપ્રસી સુપરવાઈઝર ની ઉપસ્થિતિમાં "સ્પર્શ"રક્તપિત્ત જન જાગૃતિ અભિયાન અંતર્ગત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર રાછવાના તમામ સ્ટાફ, આર.બી.એસ.કે.ટીમ, CHO, આશા અને આશા ફેસેલીટેરની ઉપસ્થિતિમાં હાટબજારની અંદર ભવાઈ (નાટક) ના અલગ અલગ રોલ પ્લે કરીને લોકલ ભાષામા લોકો ને સમજ પડે તે રીતે પ્રચાર -પ્રસાર કરવામાં આવ્યો અને પત્રિકાઓનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. રક્તપિત્ત વિશે લોકો સમજે અને દર્દીઓ નુ માન સન્માન વધે તે હેતુ થી તા -૩૦ જાન્યુઆરી થી ૧૩ ફેબ્રુઆરી સુધી રક્તપિત્ત વિશે લોકોમા જન જાગૃતિ ફેલાય તે માટે જુદી જુદી જગ્યાએ જેમકે હાટબજાર, સ્કૂલો, કોલેજ માં પ્રચાર -પ્રસાર માટે ભવાઈ તેમજ વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન ખૂબજ પૂરજોશમા આરોગ્ય તંત્ર દ્વારા ચાલવામાં આવી રહ્યું છે .

ભરૂચ જિલ્લા પોલીસ દ્વારા લોનમેળાનું આયોજન

ભરૂચ જિલ્લા પોલીસ દ્વારા લોનમેળાનું આયોજન સામાન્ય નાગરીકોને વ્યાજબી દરે લોન ધિરાણ મળી શકે તે માટેનો ઉમદા પ્રયાસ

કમલમ્ ન્યૂઝ,

જિલ્લા પોલીસ દ્વારા પંડિત ઓમકારનાથ ઠાકોર હોલ ખાતે વિવિધ સરકારી એજન્સીઓ જેમાં કલેકટર કચેરી, જિલ્લા આરોગ્ય વિભાગ, મહિલા અને બાળ વિકાસ કલ્યાણ નિગમ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, નગર પાલિકા તથા વિવિધ બેંકો સાથે મળીને નાના ધંધાવાળા વેપારીઓ જેમકે કેરિયાઓ, પાનના ગલ્લા શાકભાજીની લારીવાળા જરૂરિયાત મંદ લોકોને લોન લેવા માટે એક જ સ્થળે બધી બેંકો તથા સરકારી વિભાગોમાંથી માહિતી અને જરૂરી ડોક્યુમેન્ટની દરેક પ્રક્રિયાની સમજ મળી રહે અને લોન તથા અન્ય સરકારી લાભો લેવા માટે જરૂરી ફોર્મ ભરવાની કાર્યવાહીમાં આસાની રહે તેના માટે દરેક એજન્સીઓના સ્ટોલ લગાવી વર્કશોપનું આયોજન કરવામાં આવેલ અને આ આયોજનમાં આશરે ૩૦૦ થી પણ વધુ લોકોએ હાજર રહી સમજ મેળવી અને જરૂરી માહિતીઓ મેળવેલ. જેમાં લોન લેવી આધાર કાર્ડ અપડેટ કરવા, આયુષ્માન કાર્ડ મેળવવા- અપડેટ કરવા, શૈક્ષણિક લોન મેળવવી વગેરેના સ્ટોલ રાખવામાં આવેલ જેમાં ૨૩૬ જેટલા લોકોએ વિવિધ સ્ટોલ પરથી રૂબરૂમાં માહિતીઓ મેળવી. આ કાર્યક્રમમાં ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી ડો. લીના પાટીલની અધ્યક્ષતામાં ડીવાયએસપી શ્રી આર આર સરવૈય, ભરૂચ નગરપાલિકા પ્રમુખ શ્રી અમિતચાવડા, લીડ બેંક મેનેજર શ્રી જીગ્નેશ પરમાર ઉપસ્થિત રહ્યા હતા.

સુત્રાપાડા તાલુકામાં મહિલાઓને આપવામાં આવી હેન્ડીક્રાફ્ટની ટ્રેનિંગ

કમલમ્ ન્યૂઝ,ગીર સોમનાથ,

ઉદય એજ્યુકેશન ટ્રસ્ટ મેદરડા અને નાબાર્ડ દ્વારા સુત્રાપાડા તાલુકામાં મહિલાઓને હેન્ડીક્રાફ્ટની ટ્રેનિંગ આપવામાં આવી હતી. આ તકે કાર્યક્રમમાં ડીડીએમ નાબાર્ડ શ્રી કિરન રાઉત, શ્રી રાજેશ શાહ, શ્રી ઉદય એજ્યુકેશન ટ્રસ્ટ પ્રેસિડન્ટ શ્રીમતી લલિતાબહેન પાનસુરિયા, બેંક ઓફ ઈન્ડિયાના શ્રી કમલ ખંડેલવાલ, એકએલસીના શ્રી જે.પરમાર તેમજ એનઆરએલએમના શ્રી રાજેશ બારડ, શ્રી પુંજાભાઈ સોલંકી તેમજ ટ્રેનર મનિષાબહેન ચાવડા ઉપસ્થિત રહ્યાં હતાં.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિ.ના શબ્દશાળા કાર્યક્રમના બીજા દિવસે વહીજ્ઞાનની સરવાણી

આધુનિક ચલચિત્રથી લઈ રાજનીતિ વિષયક જ્ઞાનસભર માહિતીનો પ્રશિક્ષણાર્થીઓએ લીધો લાભ

કમલમ્ ન્યૂઝ,ગીર સોમનાથ,

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી અને ભારતીય ભાષા સમિતિ (શિક્ષણ મંત્રાલય) ભારત સરકારના સંયુક્ત ઉપક્રમે શબ્દશાળા કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેના બીજા દિવસના વ્યાખ્યાનોને ચાર સત્રોમાં વિભાજિત કરવામાં આવ્યા હતાં. આ જ્ઞાનસભર માહિતીનો પ્રશિક્ષણાર્થીઓએ લાભ લીધો હતો. પ્રથમ સત્રના વ્યાખ્યાતા તરીકે શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ અને કાશી હિન્દુ વિશ્વવિદ્યાલયના સંસ્કૃત વિભાગના પ્રોફેસર ગોપબંધુ મિશ્રાએ રાજનીતિ સંબંધિત આધુનિક શબ્દોની ચર્ચા કરી હતી. જેમાં એમણે અંગ્રેજીભાષા તથા સંસ્કૃત ભાષામાં નૂતન શબ્દ નિર્માણ કરી ભવિષ્યના આધુનિક શબ્દોનું નિર્માણ કઈ રીતે કરવું તે વિશે યોગ્ય માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. બીજા સત્રના વ્યાખ્યાતા તરીકે ડો. ઉમા મહેશ્વરએ ભારત દેશના વિવિધ ક્ષેત્રોમાં પ્રખ્યાતવાનગીઓના સંસ્કૃતશબ્દોનો શબ્દકોશરજૂ કર્યાઅને youtube ચેનલના માધ્યમથી આધુનિક ખાદ્યસામગ્રી અને ખાદ્ય સાધનોના શબ્દોની સંસ્કૃત માહિતી પણ આપી હતી. તૃતીય સત્રના વ્યાખ્યાતા તરીકે લાલ બહાદુર શાસ્ત્રી સંસ્કૃત વિશ્વવિદ્યાલયના શિક્ષાશાસ્ત્રી વિભાગના સહાયકાચાર્ય ડો. પરમેશકુમાર શર્માએ ચિકિત્સા સંબંધિત આધુનિક શબ્દોની સંસ્કૃત માહિતી રજૂ કરી. દ્વિતીય દિવસના અંતિમ સત્રના વ્યાખ્યાતા તરીકે કેન્દ્રીય સંસ્કૃત વિશ્વવિદ્યાલય જયપુર પરિસરના શિક્ષણ શાસ્ત્રી વિભાગના અધ્યક્ષ પ્રો.વાઈ. એસ. રમેશ દ્વારા આધુનિક ચલચિત્ર ઉપર અતિ સુંદર શબ્દ ભંડોળ અને નૂતન શબ્દોની વ્યવસ્થા વિશે સમજાવવામાં આવ્યું હતું

એક્સિસ બેંક મેઘરજદ્વારા અવસાન પામેલ સેલેરી હોલ્ડર શિક્ષકના પરિવારને સહાય ચૂકવાઈ

મેઘરજતાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ એક્સીસ બેંક મેઘરજ ના મેનેજર શ્રી અને તમામ સ્ટાફ નો આભાર વ્યકત કર્યો

કમલમ્ ન્યૂઝ,અમિત ઉપાધ્યાય

મેઘરજ તાલુકા ની ડ્યકા-૧ પ્રાથમિક શાળા ના ઉપ શિક્ષક સ્વ-ઈશ્વરભાઈ અસારી ના ધર્મપત્ની ને આજ રોજ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ મેઘરજ, શિક્ષણ શાખા મેઘરજ ના સહકાર થી એક્સીસ બેંક મેઘરજ દ્વારા સેલેરી એકાઉન્ટ એક્સીડન્ટ પોલીસી ની ૨૦૦૦૦૦ (અંકે રુપિયા વીસ લાખ) ની રકમ નો ચેક તાલુકા વિકાસ અધિકારી શ્રી જી. બી ચૌધરી સાહેબ અને બેંક ના મેનેજર અનુપ સર, તથા હાર્દિક પટેલ ના હસ્તે અર્પણ કરવા મા આવ્યો, આ પ્રસંગે તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ ના પ્રમુખ બાબુભાઈ, મહામંત્રી જિજ્ઞેશ ગોર, સહ મંત્રી જિજ્ઞતબેન ચડ્ડી, ઈ. ચા ખીટ કેની વિનોદ સિંહ પુરોહિત, કનુભાઈ કટારા અને એક્સિસ બેંક મેઘરજ નો સ્ટાફ હાજર રહ્યો.

ઉનાના પાતાપુરમાં યોજાઈ પશુપાલન શિબિર

૩૦૦ કરતાં વધારે પશુપાલકોએ મેળવ્યું પશુધન-ખેતી વિશે માર્ગદર્શન

કમલમ્ ન્યૂઝ,

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ઉના તાલુકાના પાતાપુર મુકામે પશુપાલન શાખા જિલ્લા પંચાયત ગીર સોમનાથ સંચાલિત પશુ દવાખાના ઉના તથા વહીવટી તંત્ર દ્વારા તાલુકા કક્ષાની પશુપાલન શિબિર કમ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. જે માં તાલુકાભર ના પશુપાલનો જોડાયા હતાં અને પશુધન-પશુપાલન તેમજ ખેતી વિશે ઉપયોગી માર્ગદર્શન મેળવ્યું હતું. આ તકે ઉના તાલુકાના ૩૦૦ જેટલા પશુપાલક ભાઈઓ-બહેનોએ પશુપાલન વિશે જુદા જુદા વિષયો પર નિષ્ણાંતો દ્વારા માહિતી મેળવી હતી. આ તકે કાર્યક્રમની શરૂઆત દિપ પ્રાગટ્ય કરી કરવામાં આવી હતી ઉપરાંત મંચસ્થ મહાનુભાવોએ પ્રાસંગિક ઉદ્‌બોધન આપ્યું હતું. આ કાર્યક્રમમાં ઉનાના ધારાસભ્ય શ્રી કાળુભાઈ રાઠોડ, કારોબારી સમિતિના ચેરમેન અને જિલ્લા પંચાયત સદસ્ય શ્રી પ્રકાશભાઈ ટાંક, જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન શ્રી ભાવેશભાઈ ઉપાધ્યાય તથા અન્ય પદાધિકારીઓ અને અધિકારીઓએ ઉપસ્થિત રહ્યાં હતાં.

ઘઉં અને લોટના ભાવમાં ઘટાડો કરવા રાજ્ય સહકારી મંડળો/ ફેડરેશન વગેરેને વેચાણ કરવાનો નિર્ણય લીધો

ઘઉં અને લોટના ભાવમાં ઘટાડો કરવા માટે, કેન્દ્રએ ઓપન માર્કેટ ડિસ્પોઝલ સ્કીમ (ઓએમએસએસ) હેઠળ ૩૦ લાખ મેટ્રિક ટન ઘઉંનો જથ્થો ઉતારવાનો અને રાજ્ય સરકારો, કેન્દ્રીય ભંડાર, નેશનલ કન્ઝ્યુમર કોઓપરેટિવ ફેડરેશન (NCCF), નેશનલ એગ્રીકલ્ચરલ કોઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન ઓફ ઇન્ડિયા લિ. (નાફેડ), રાજ્ય સહકારી મંડળો/ ફેડરેશન વગેરેને વેચાણ કરવાનો નિર્ણય લીધો છે

કમલમ્ ન્યૂઝ,

કેન્દ્રીય ઉપભોક્તા બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ રાજ્ય મંત્રી, સુશ્રી સાધ્વી નિરંજન જ્યોતિએ આજે રાજ્યસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં માહિતી આપી હતી કે, સરકાર ઘરેલુ ઉપલબ્ધતા વધારવા અને ખાદ્યાન્નની કિંમતો અંકુશમાં લેવા માટે સમયાંતરે વિવિધ પગલાં લે છે. આ પગલાંઓમાં, અન્ય બાબતોની સાથે-સાથે, કિંમતોને ઘટાડવા માટે બફર્સમાંથી મુક્તિ, સ્ટોક મર્યાદા લાદવી, સંગ્રહખોરીને રોકવા માટે એકમો દ્વારા જાહેર કરાયેલા સ્ટોક પર દેખરેખ તેમજ આયાત ડ્યુટીને તર્કસંગત બનાવવા, આયાત કવોટામાં ફેરફાર, કોમોડિટીની નિકાસ પર પ્રતિબંધો વગેરે જેવા વેપાર નીતિના સાધનોમાં જરૂરી ફેરફારોનો સમાવેશ થાય છે. દેશની એકંદર ખાદ્ય સુરક્ષાનું સંચાલન કરવા અને ખાદ્યાન્નના વધતા ભાવને નિયંત્રિત કરવા માટે સરકારે ૧૩મી મે ૨૦૨૨ના રોજ ઘઉંની નિકાસ નીતિમાં ફેરફાર કરીને ભારતીય દુરુમ ઘઉંની નિકાસને પ્રતિબંધિત કરવા માટે ૧૩મી મે ૨૦૨૨ના રોજ મફતમાંથી પ્રતિબંધિત શ્રેણીમાં અને ૧૨મી જુલાઈ, ૨૦૨૨થી ઘઉંની નિકાસ નીતિમાં સુધારો કર્યો હતો. લોટ (ઘઉં)ની નિકાસ ઘઉંની પર આંતર-મંત્રાલય સમિતિ (IMC) ની ભલામણને આધિન છે. તદુપરાંત, ટુકડા ચોખાની નિકાસ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે અને બાસમતી સિવાયના ચોખા પર ૨૦% નિકાસ ડ્યુટી લાદવામાં આવી છે. ૯મી સપ્ટેમ્બર, ૨૦૨૨. કેન્દ્રએ ઓપન માર્કેટ ડિસ્પોઝલ સ્કીમ (ઓએમએસએસ) હેઠળ ૩૦ લાખ મેટ્રિક ટન ઘઉંનો જથ્થો ઉતારવાનો અને રાજ્ય સરકારો, કેન્દ્રીય ભંડાર, નેશનલ કન્ઝ્યુમર કોઓપરેટિવફેડરેશન (NCCF), નેશનલ એગ્રીકલ્ચરલ કોઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા લિ. (નાફેડ), રાજ્ય સહકારી મંડળો/ ફેડરેશન વગેરેને વેચાણ કરવાનો નિર્ણય લીધો છે. સ્થાનિક પ્રાપ્યતા વધારવા અને કઠોળના ભાવને સાધારણ કરવા માટે, તુવેર અને અડદની આયાત ૩૧.૦૩.૨૦૨૪ સુધી 'ફ્રી કેટેગરી' હેઠળ રાખવામાં આવી છે અને ૩૧.૦૩.૨૦૨૪ સુધી મસુર પરની આયાત શુલ્ક ઘટાડીને શૂન્ય કરવામાં આવી છે. તુવેરના સંદર્ભમાં સંગ્રહ ખોરી અને પ્રતિબંધિત વેપાર પ્રથાઓને રોકવા માટે સરકારે તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, ૧૯૫૫ હેઠળ તુવરના સ્ટોકહોલ્ડરો દ્વારા સ્ટોક ડિસ્ક્લોઝર લાગુ કરવા અને સ્ટોકનું નિરીક્ષણ અને ચકાસણી કરવા માટે નિર્દેશ જારી કર્યા છે. પ્રાઈસ સપોર્ટ સ્કીમ (PSS) અને પ્રાઈસ સ્ટેબિલાઈઝેશન ફંડ (PSF) બફરમાંથી ચણા અને મગનો સ્ટોક સતત ભાવને નિયંત્રિત કરવા માટે બજારમાં બહાર પાડવામાં આવે છે અને કલ્યાણકારી યોજનાઓ માટે રાજ્યોને પણ સપ્લાય કરવામાં આવે છે. ડુંગળીના ભાવમાં અસ્થિરતાને સ્થિર કરવા માટે, સરકારે પ્રાઈસ સ્ટેબિલાઈઝેશન ફંડ (PSF) હેઠળ રવી-૨૦૨૨ના પાકમાંથી રૂ.૫૧ લાખ મેટ્રિક ટનની ખરીદી કરી અને સપ્ટેમ્બર, ૨૦૨૨ અને જાન્યુઆરી, ૨૦૨૩ દરમિયાન મુખ્ય વપરાશ કેન્દ્રોમાં મુક્ત કરી છે. ખાદ્યતેલની કિંમતોને અંકુશમાં રાખવા માટે સરકારે ક્રૂડ પામ ઓઈલ, ક્રૂડ સોયાબીન ઓઈલ અને ક્રૂડ સનફ્લાવર ઓઈલ પરની બેઝિક ઈમ્પોર્ટ ડ્યુટી ઘટાડીને શૂન્ય કરી દીધી છે અને આ તેલપર એગ્રી-સેસ ઘટાડીને ૫% કરવામાં આવ્યો છે. રિફાઈન્ડ સોયાબીન ઓઈલ અને રિફાઈન્ડ સનફ્લાવર ઓઈલ પરની બેઝિક ડ્યુટી અગાઉના ૩૨.૫% થી ઘટાડીને ૧૭.૫% કરવામાં આવી છે અને રિફાઈન્ડ પામ ઓઈલ પર બેઝિક ડ્યુટી ૧૭.૫% થી ઘટાડીને ૧૨.૫% કરવામાં આવી છે. સરકારે રિફાઈન્ડ પામ ઓઈલની આયાતને પણ 'ફ્રી' શ્રેણી હેઠળ રાખી છે.

યુ. એસ.એ.ના નામાંકિત ઊદ્યોગપતિની સાંકળચંદ પટેલ યુનિવર્સિટીમાં રૂપિયા ૨૫ લાખની દાનની જાહેરાત

કમલમ્ ન્યૂઝ,

યુ.એસ.એ.ના નામાંકિત ઊદ્યોગપતિ શ્રી યોગેશભાઈ એન પટેલ, જેઓહાલ ફ્લોરિડા, USA માં રહે છે તેઓએ તા.૩૧-૦૧-૨૦૨૩ના રોજ સાંકળચંદ પટેલ યુનિવર્સિટી ની શુભેચ્છા મુલાકાત લીધી હતી તેઓએ કોવીડ-૧૯ દરમ્યાન કોરોનાના ની મહામારી માં નૂતન જનરલ હોસ્પિટલ માં કોવીડગ્રસ્ત દર્દીઓને સમયસર અને ઉત્તમ સારવાર મળી રહે તે માટે નૂતન જનરલ હોસ્પિટલ ખાતે PSA- ઓક્સીજન પ્લાન્ટ, વેન્ટિલેટર મશીન, પ્લાઝમા થેરાપી મશીન માટે રૂપિયા ૩૦ લાખ નું દાન આપેલ હતું તેઓની મુલાકાત દરમ્યાન યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ શ્રી પ્રકાશભાઈ પટેલની સાથે રહીને નૂતન જનરલ હોસ્પિટલ ખાતેની વિવિધ હેલ્થ સેવાઓની જાણકારી લીધેલ તેમજ નૂતન મેડિકલ કોલેજ અને સાંકળચંદ પટેલ યુનિવર્સિટી આવનારા ભવિષ્યમાં ઉત્તરોઉત્તર પ્રગતિ કરે એવી શુભેચ્છાઓ આપી હતી

તેમજ નૂતન જનરલ હોસ્પિટલની કામગીરીથી પ્રભાવિત થઈને વધુ રૂપિયા ૨૫ લાખનું દાન આપવાની જાહેરાત કરી હતી. સંસ્થા વતી પ્રેસિડેન્ટ શ્રી પ્રકાશભાઈ પટેલે તેઓની આ ઉત્કૃષ્ટ પહેલ માટે ઊદ્યોગપતિ શ્રી યોગેશભાઈ પટેલનો ખુબ ખુબ આભાર માન્યો હતો.

ગીર સોમનાથ: જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયાએ ગીરગઢડા-પ્રાંચી ખાતે સિંચાઈ કામોની કરી સમીક્ષા

પ્રગતિ હેઠળના કામો સમયસર પૂર્ણ થાય તે અંગે ખાસ તકેદારી રાખવા કર્યા સૂચનો

કમલમ્ ન્યૂઝ,સોમનાથ,

જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાએ ગીર સોમનાથ જિલ્લાની મુલાકાત દરમિયાન ગીર ગઢડા અને પ્રાંચી ખાતે વિવિધ સિંચાઈ કાર્યોની સમીક્ષા કરી હતી. મંત્રીશ્રીએ ગીર ગઢડા ખાતે મચ્છુંદ્રી સિંચાઈ યોજનાની ડેમ સાઈટ પર મુલાકાત લીધી હતી. આ ક્ષણે ઉપસ્થિત ઉના ધારાસભ્ય શ્રી કાળુભાઈ રાઠોડ દ્વારા મંત્રીશ્રીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. મંત્રીશ્રીએ પીછવી નાની સિંચાઈ યોજના તેમજ પ્રાંચી ખાતે પાણી પુરવઠા જૂથ યોજના-૧ અને ૨ની પણ મુલાકાત લીધી હતી.મુલાકાત દરમિયાન મંત્રીશ્રીએ કેનાલ લાઈન ના કામ, માઈનોર કેનાલ અને સબ માઈનોર કેનાલમાં નવીનીકરણ, માળખાગત કામગીરી ગીરગઢડા અને ઉના તાલુકામાં ચેકડેમ બનાવવા, સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત વધુ કામો કરવા વગેરે જેવી જિલ્લા પંચાયત સદસ્યની રજૂઆતોને સાંભળી હતી અને તમામ કામો અંગે ઉચ્ચ અધિકારીશ્રીઓને જરુરી સૂચનાઓ આપી મહત્વની બાબતો તરફ ધ્યાન દોર્યું હતું તેમજ પ્રગતિ હેઠળના કામો સમયસર અને આયોજનબદ્ધ રીતે પૂરા કરવા ખાસ સૂચના આપી હતી. ગીરગઢડા ઉપરાંત મંત્રીશ્રીએ વેરાવળ તાલુકાના પ્રાંચી પાણી પુરવઠા જૂથ યોજના-૧ અને ૨ની પણ મુલાકાત લઈ આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં પાણીના પૂરવઠા અંગેની વિગતો અને વિતરણ આયોજન અંગે માહિતી પણ મેળવી હતી. મંત્રીશ્રીની મુલાકાત દરમિયાન જિલ્લા પુરવઠા અધિકારી શ્રી રાહુલ ગમારા, મામલતદાર ગીરગઢડા શ્રી વી.ડી.રથવી, ગીર સોમનાથ સિંચાઈ વિભાગ કાર્યપાલક ઈજનેર(રાજ્ય) શ્રી એ.પી કલસરિયા, કાર્યપાલક ઈજનેર પંચાયત(સિંચાઈ) શ્રી એસ. એલ. રાઠોડ, મચ્છુન્દ્રી ડેમ નાયબ કાર્યપાલક ઈજનેર જે.જે પટેલ તેમજ પાણી પુરવઠા અને જળસિંચાઈના અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ ઉપરાંત ગ્રામજનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

જોઈએ છે

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું નામાંકિત અખબાર ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર

PRESS "કમલમ દૈનિક"

સમગ્ર ગુજરાત માટે બ્યુરો ઓફિસ ફાળવવાની છે

સમગ્ર ગુજરાતમાં જિલ્લા તેમજ તાલુકા મથકે રિપોર્ટીંગ કરી શકે તેવા જિલ્લા ચીફ અને તાલુકા ચીફ તેમજ માનદ - રિપોર્ટરની નિમણુંક કરવાની છે.

રસ ધરાવતા (અનુભવી - બિનઅનુભવી) વ્યક્તિએ સંપર્ક કરવો

સંપૂર્ણ બાયોડેટા ઈ-મેલ દ્વારા મોકલવો

E-mail.: kamalamgujarat@gmail.com

મહેશ પટેલ - Mo.: 98249 10606

•Printer/Publisher/Owner &Editor : Mahesh N.Patel.•Printed At:-CaptialOffset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar,Gujarat-382028 •Published -At A-3,Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028